Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ



ભાવનગર દાદાસાહેબ

શ્રી મહાવીર જિનમંદિરનું રમ્ય દ્રશ્ય

પુસ્તક ૬૮ મું ] [ અંક ૬ ઠ્ઠો

ચૈત્ર

ઇ. સ. ૧૯૫૨ — ૨૫ મી માર્ચ

વીર સં. ૨૪૭૮ — વિ. સં. ૨૦૦૮

પ્રગટકર્ત્તા—

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા

ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ.

બહારગામ માટે બાર અંક ને પોસ્ટેજ સાથે વાર્ષિક લવાજમ રૂા. ૩-૪-૦

પુસ્તક ૬૮ મું અંક ૬ ઠ્ઠો } ચૈત્ર { વીર સં. ૨૪૭૮ વિ. સં. ૨૦૦૮

## अनुक्रमणिका


૧ વીરમંગળ ગીત ... ...(શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") ૧૦૭
૨ वीर वन्दन ... ... ... ... (શ્રી રાજમલ ભંડારી) ૧૦૮
૩ સંસ્કૃતિનો અંત ... ... (શ્રી જીવરાજભાઇ ઓધવજી દોશી) ૧૦૯
૪ શ્રી મહાવીર જિન સ્તવન ... ... (મુનિરાજ શ્રી રુચકવિજયજી) ૧૧૦
૫ શ્રી સિદ્ધચક્રયંત્રોદ્ધાર... ... ...(પં. શ્રી ધુરન્ધરવિજયજી ગણિ) ૧૧૧
૬ શ્રી મહાવીર જીવન: સ્વલ્પ વિવેચન (શ્રી મગનલાલ મોતીચંદ 'સાહિત્યપ્રેમી') ૧૧૪
૭ ચમત્કારમય મહાવીર જીવન ... (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") ૧૨૦
૮ ભગવંત મહાવીરની ભાવના ... (શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી) ૧૨૩
૯ વીરસ્મરણ અને આપણું કર્તવ્ય ...(મુનિરાજશ્રી ચંદ્રપ્રભસાગરજી) ૧૨૬
૧૦ તડ ... ... ... ... ... (શ્રી કાંતિલાલ જ. દોશી) ૧૨૮
૧૧ છોંતેરમા વર્ષની શુભેચ્છાઓ ... ... ... ... ... ૧૨૯


### નવા સભાસદો

| | | |
|---|---|---|
| ૧ શ્રી કાંતિલાલ કીસનદાસ શેઠ | માલેગામ | લાઇફ મેમ્બર |
| ૨ શ્રી સૂર્યકાન્ત બાબુભાઈ ઝવેરી | મુંબઇ | ,, |
| ૩ શ્રી મોહનલાલ ચત્રભુજ શાહ | મોમ્બાસા (આફ્રિકા) | ,, |


## નવપદના આરાધન માટે

### શ્રી સિદ્ધચક્ર સ્વરૂપદર્શન [સચિત્ર]

આ પુસ્તકમાં નવે દિવસની વિધિ, નવે પદનું વિસ્તૃત વિવેચન, શ્રી સિદ્ધચક્રયંત્રોદ્ધાર પૂજાવિધાન વિગેરે ઉપયોગી હકીકતનો સમાવેશ કરવામાં આવ્યો છે; છતાં મૂલ્ય માત્ર **આઠ આના.**

### શ્રી સિદ્ધચક્ર નવપદ-આરાધન વિધિ [સચિત્ર]

(ખંડ ૧-૨-૩)

નવે પદોનું સુંદર સ્વરૂપ, નિત્ય ક્રિયાવિધિ, ચોસઠ પ્રકારી પૂજા, નવપદજીની બંને પૂજા, સત્તરભેદી પૂજા, નવપદજીના સ્તવનો, સ્તુતિઓ, ચૈત્યવંદનો, થોયો, સિદ્ધચક્રયંત્રોદ્ધાર પૂજાવિધાનની સમજ વિગેરે અનેક ઉપયોગી વસ્તુઓનો સંગ્રહ, છતાં મૂલ્ય માત્ર રૂપિયા **અઢી.**

લખો:—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક ૬૮ મું. અંક ૬ ઠ્ઠો | : ચૈત્ર : | વીર સં. ૨૪૭૮ વિ. સં. ૨૦૦૮

# વીર મંગલ ગીત.

( કવિ—સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ )

( સિદ્ધાચલ શિખરે દીવો રે—એ દેશી. )

મમ હૃદયકમલમાં પોઢી જા, હે વીર પ્રભુ ! તુજ હુલરાઉં;
લાડીલા શાંત તું ઊંઘી જા. હે વીર પ્રભુ૦ ૧
સમકિત પારણિયું બાંધ્યું છે, હે વીર૦ શુભભાવ તળાઇ બિછાવી છે. હે વીર૦ ૨
ગુણક્રમની દોરી બાંધી છે, હે વીર૦ તુજ ગુણથી ગુંથી સાધી છે. હે વીર૦ ૩
તુજ રૂપ અનૂપ નિહાળુ છું, હે વીર૦ ક્ષણક્ષણ હું વારી જાઉં છું. હે વીર૦ ૪
વ્રત-નિયમ રમકડા બાંધું છું, હે વીર૦ આચાર તરંગ નચાઉં છું. હે વીર૦ ૫
સુમતિ ગોરી ગુણ ગાવે છે, હે વીર૦ આસ્રવ રોધી મન ભાવે છે. હે વીર૦ ૬
કૂડી મતિ દૂર નસાવે છે, હે વીર૦ ચંચલતા ચિત્ત મિટાવે છે. હે વીર૦ ૭
મન તાહરું ધ્યાન ધરાવે છે, હે વીર૦ પ્રભુ વીરકુંવર મન ભાવે છે. હે વીર૦ ૮
મન-મંદિરમાં પધરાવે છે, હે વીર૦ બાલેંદુ લાડ લડાવે છે. હે વીર૦ ૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# वीर-वन्दन

युगों के तप के फल साकार, अहिंसा के विश्रुत आगार,
प्रेम के पन्थ-प्रदर्शनकार, दया के जीवन धन रखवार।
घटा कर के जगती का भार, चेतना का देने उपहार,
क्षमा का करते हुवे प्रसार, कभी आये थे हो साकार ॥ १ ॥

प्राणियों की सुन मूक पुकार, व्यथा का करने को संहार,
घृणा का करने को प्रतीकार, ऐक्य का करने को विस्तार।
अभयदा शक्ति-प्रदर्शनकार, कभी तुम प्रकटे नर-तनु-धार,
आदि-मध्यान्त-हीन-आकार, तुम्हारा कौन पासका पार? ॥ २ ॥

दिव्य मानवता का चीत्कार, डूबता उतराता मझधार,
प्रगति का घिरता था जब द्वार, बन रहा तम-मय जब संसार।
धर्म बनता था अत्याचार, रोक हृत्तंत्री की झंकार,
लोक का करने का उद्धार, तभी प्रकटे सिद्धार्थ-कुमार ॥ ३ ॥

योग का कीलित अन्तर्द्वार, मुक्त था जिनका लख अवतार,
जिन्हें लखकर बलशाली मार, छिपा था सागर मध्य अपार।
कलाओं का महान् उपकार, हुवा जिनका करके सत्कार,
नहीं उपमेय मध्य संसार, दीखता उनका है लाचार? ॥ ४ ॥

विश्व की मानवता के प्यार, प्रकृति की ऋजुता के आधार,
गुणों के श्रोतों के आगार, कर्म-बन्धन के मोचनहार।
पूर्ण-जीवन के अन्तिमद्वार, साधनाओं के फल साधार,
भगवती करुणा के अवतार, हमारा वन्दन हो स्वीकार ॥ ५ ॥

राजमल भण्डारी-आगर.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સંસ્કૃતિનો અંત

લેખકઃ—**શ્રી જીવરાજભાઇ ઓધવજી દોશી**

શ્રી અરવિંદ ઘોષના જીવનદર્શનને વ્યક્ત કરતા 'દક્ષિણા' નામના ત્રૈમાસિક પુ. ૫, અંક ૨ ના પૃષ્ઠ ૯૩મે "સંસ્કૃતિનો અંત" એ મથાળાના લેખમાં મનનીય વિચારો બતાવ્યા છે. સંસ્કૃતિ એટલે શું ? હાલમાં સંસ્કૃતિ કેવી સ્થિતિમાં છે ? તેનો અંત આવવાનો છે કે વિકાસ થવાનો ? વિગેરે વિષય ચર્ચવામાં આવેલ છે. તેમાં બતાવ્યું છે કે–સંસ્કૃતિનો ખરો અર્થ એ છે કે–માનવ-રૂપી કરણનું સંસ્કરણ. આ માનવકરણ પ્રભુને વ્યક્ત કરવા માટે યોજાયેલું છે અને તે હેતુને માટે તેને તૈયાર કરવાનું છે. એ હેતુ છે—પૃથ્વી ઉપર શરીરમાં મૂર્ત થયેલ જીવનની અંદર ઉચ્ચમાં ઉચ્ચ કોટિનો આધ્યાત્મિક ચેતનાની સ્થાપના કરવી. શરીરધારી બનેલું જીવન એટલે માનવનું શરીર, પ્રાણ અને મન આ ત્રણનો બનેલો માનવ વ્યક્તિરૂપે તેમજ સમષ્ટિરૂપે એક કરણ બની રહેલો છે. અને એ કરણ મારફતે ઉપરની ઊર્ધ્વ જ્યોતિ પોતાનો આવિર્ભાવ કરવાની છે. અત્યારે આ કરણ–માનવજીવન તમસથી ભરેલું છે, અજ્ઞાન છે, સાંકડું છે, દુર્બળ છે. વર્તમાન સંસ્કૃતિ એ હજારો વર્ષોના વિકાસનું પરિણામ છે—હાલમાં વર્તમાન માનવજીવન વેદનાથી ભરપૂર છે. આની સાથે સરખાવી શકાય એવી, આના જેવી તેમજ આના જેટલી ભયંકર પરિસ્થિતિ માનવ જાતિના ઇતિહાસની અંદર કદી આવેલ નથી. આજે માણસને દુઃખનો કાંઇ ઈલાજ જડતો નથી, યા તો જડશે એવી આશા પણ તે સેવી શકતો નથી, એ માટેની તેનામાં હિંમત પણ નથી. શું એટમ બોંબ જેવી વિજ્ઞાનની શોધ માનવજાતિએ આજ સુધી સાધેલી સંસ્કૃતિનો વિનાશ કરશે ? એક યુગને પૂરો કરી નવો યુગ આરંભવા માટે એક પ્રલયની જરૂર તો છે જ. શું હાલનો વિજ્ઞાનવાદ, ભૌતિકવાદ, યંત્રવાદ, સામ્યવાદ આવા પ્રલયની પૂર્ણ તૈયારીરૂપે છે ? શું અધ્યાત્મવાદ આવા પ્રલયને અટકાવી નહિ શકે ? આપણો ભારતીય ધર્મ, આપણી ભારતની સંસ્કૃતિ, આપણા ભારતનો ઇતિહાસ આવા પ્રલયની નહિ પણ આધ્યાત્મિક ઉન્નતિની આપણને આશા આપે છે. આવા અનેક ઝંઝાવાત થયા છતાં આપણો આ ધર્મ અને સંસ્કૃતિ જળવાઇ રહ્યાં છે. ઊલટું ઉત્તરોત્તર તેમાં વિકાસ થયો છે. વર્તમાન કાળમાં જ મહાત્મા ગાંધીજી, શ્રી અરવિંદ ઘોષ, શ્રી રમણમહર્ષિ જેવા અધ્યાત્મવાદને પોષતાં પયગંબરો ભારતમાં અવતર્યા છે. આપણી જૈન કોમમાં પણ એવા સમર્થ અધ્યાત્મ જ્ઞાનને પોષતા ઘણા સાધુ–મહારાજો જોવામાં આવે છે. તેમના ઉપદેશમાં–વ્યાખ્યાનોમાં નર્યો અધ્યાત્મવાદ જ નીતરે છે. આપણા આચાર્ય મહારાજો સંકુચિતતાને ગૌણ કરી પ્રભુ મહાવીરે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બતાવેલ અહિંસા, સંયમ અને સત્યનો સનાતન અધ્યાત્મવાદ પલ્લવિત થાય-તેને પોષણ મળે, એવી જાગ્રતિ સમાજમાં લાવવા કટિબદ્ધ થાય, તો આ યોગ્ય સમય છે. સંસ્કૃતિ અને ધર્મ ઉપર વર્તમાન કાળે જે આક્રમણ કર્યું છે તેનો પ્રતીકાર કરવાને આવા ઉપદેશની જરૂર છે. પરમાત્મા આવી શક્તિ અને બુદ્ધિ આપણને સૌને આપે એ જ અભ્યર્થના. ૐ શાંતિ.

# -: શ્રી મહાવીર જિન સ્તવન :-

( લાખ લાખ દીવડાની આરતિ ઉતારજો-એ દેશી. )

આજ મ્હને સ્વપનામાં આવ્યા'તા વીરજી, ( ૨ )
કે'તા'તા મુક્તિની વા...ટ; સિદ્ધિનો કંત સોહામણો. ૧
કુંડલ'તા કાનમાં ને મુગટ'તો માથમાં, ( ૨ )
કંઠે તો હીરલાનો હા...ર; સિદ્ધિનો કંત સોહામણો. ૨
બાજુબંધ બેરખા ને કાંડે'તા કડલા, ( ૨ )
આગે'તો જમ્બૂનો રૂ...ખ્ખ; સિદ્ધિનો કંત સોહામણો. ૩
નિમિત્ત ઉપાદાન એની'તી વાતડી, ( ૨ )
કે'તા'તા સાચવજો બે...ઉ; સિદ્ધિનો કંત સોહામણો. ૪
કારણથી કાજ સધે એ છે મારગડો, ( ૨ )
છાંડે તે ઉન્માદી લો...ક; સિદ્ધિનો કંત સોહામણો. ૫
કારજ સિદ્ધિમાં કારણ અનેક છે, ( ૨ )
સમજજે ગૌણ-મુખ્ય ભે...દ; સિદ્ધિનો કંત સોહામણો. ૬
નિમિત્ત વિનાના ઉપાદાનની વાતો, ( ૨ )
ખરતણી લાતો તું જા...ણ; સિદ્ધિનો કંત સોહામણો. ૭
સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર વાટ છે, ( ૨ )
મુક્તિની રુચક પ્રમા...ણ; સિદ્ધિનો કંત સોહામણો. ૮

મુનિરાજશ્રી રુચકવિજયજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ॐ ह्रीँ अर्हं श्रीसिद्धचक्राय नमोनमः ॥

# श्री સિદ્ધચક્રયંત્રોદ્ધાર

પં. શ્રી ધુરન્ધરવિજયજી ગણિ.

શ્રી સિદ્ધચક્ર–નવપદનું વિશિષ્ટ આરાધન વર્ષમાં બે વાર આસો માસમાં અને ચૈત્ર માસમાં કરવામાં આવે છે. પૂર્ણિમાને દિવસે નવ આયંબિલ પૂર્ણ થાય એ રીતે ઓળીનો આરંભ કરી નવ આયંબિલ થાય છે. આ આરાધનનો પ્રભાવ અચિન્ત્ય છે, એ આજ અનેકના અનુભવસિદ્ધ હકીકત છે. દઢ શ્રદ્ધાવાળા આત્માઓને આ આરાધન ધારેલી કાર્યસિદ્ધિ અપાવે છે. એ પ્રસિદ્ધ આરાધનમાં મુખ્યતા કોઇની હોય તો તે 'શ્રી સિદ્ધચક્રયંત્રોદ્ધાર'ની છે.

'શ્રી સિદ્ધચક્રયંત્રોદ્ધાર' એ શું છે? અને તેની મુખ્યતા કઇ રીતે છે? એ આરાધકોએ ખાસ જાણવું જરૂરી છે, અને તેનો લાભ લેવા તત્પર થવું એ પણ એટલું જ આવશ્યક છે.

આ શ્રી સિદ્ધચક્રજીના આરાધનમાં આરાધકોને વેગ પૂરનાર અનેક સાધનોમાં પ્રધાન સાધન કોઇ હોય તો તે શ્રીપાલ રાજાનું ચરિત્ર છે. તે ચરિત્ર પ્રાકૃતમાં પૂજ્યપાદ રત્નશેખરસૂરિજી મહારાજે રચ્યું છે કે જેમનો સત્તાસમય પન્દરમા સૈકાનો પૂર્વાર્ધ છે. તે પ્રાકૃત 'સિરિસિરિવાલકહા' ને આધારે સંસ્કૃત–ગુજરાતી–હિન્દીમાં અનેક નાના મોટા ચરિત્રો પ્રસિદ્ધ થયા છે. અને એ રીતે શ્રીપાલ રાજા અને મયણાસુન્દરીની વાત વિખ્યાત છે.

ઉંબર રાણા તરીકે શ્રીપાલ મયણાસુન્દરીને પરણે છે. લોકોમાં અનેક પ્રકારની વાતો ચાલે છે. કોઇ કોઇનો દોષ કાઢે છે જ્યારે બીજાઓ જુદું જ કહે છે. એ સર્વ વાતોમાં જે જૈન ધર્મની અવહેલના થાય છે એનું દુઃખ મયણાસુન્દરીના હૃદયમાં પુષ્કળ છે અને તેનો કોઇક ઉપાય થવો જોઇએ. રાજકુમારી મયણાસુન્દરી, શ્રીપાલ કુંવરને લઇને શ્રી મુનિચન્દ્રસૂરિજી મહારાજ પાસે જાય છે અને પોતાના સ્વામીનો કોઢ દૂર કરવા માટે ઉપાય પૂછે છે. ગૃહસ્થોના રોગ દૂર કરવા માટે કોઈપણ ઉપાય બતાવવો એ સંયમ ધર્મની વિરુદ્ધ હોવાથી પ્રથમ તો આચાર્ય મહારાજે ના કહી પણ ધર્મ–પ્રભાવના અને અનેક આત્માનું કલ્યાણ વિચારીને બાહ્ય–આભ્યન્તર સર્વ વ્યાધિઓનું શમન કરવામાં સમર્થ એવું શ્રી સિદ્ધચક્રજીનું વિધિપૂર્વકનું આરાધન બતાવ્યું. એ આરાધન સુન્દર ભાવપૂર્વક શ્રીપાળકુંવરે અને મયણાસુન્દરીએ આરાધ્યું ને પ્રત્યક્ષ લાભ અનુભવ્યો. કુંવરનો કોઢ દૂર થયો ને જૈન શાસનનો જયજયકાર થયો.

એ આરાધન કઇ રીતે કરવામાં આવેલું તેનું વર્ણન 'સિરિસિરિવાલકહા' ગાથા ૧૯૬ થી ૨૦૫ સુધીમાં છે. તેમાં શ્રી સિદ્ધચક્રજીનો યંત્ર મંડલરૂપે કઇ રીતે આલેખવો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેનું વ્યવસ્થિત વર્ણન છે. એ શ્રી સિદ્ધચક્ર મહાયંત્રમંડલનું પૂજન મહાપ્રભાવક અને વિશિષ્ટ ફલ આપનાર છે.

આ મહાયંત્રમંડલની રચના કઇ રીતે કરવી અને તેનું પૂજન કયા ક્રમ અને શા શા દ્રવ્યોથી કરવું તે હકીકત વિદ્યાપ્રવાદ નામના દશમા પૂર્વમાં હતી, પણ પૂર્વનો ઉચ્છેદ થયો ત્યારે તે વિધાન પણ ગયું હોત છતાં શાસનના અને ભવ્યાત્માઓના ભાગ્યે પરંપરાગત તે જળવાઇ રહ્યું, શ્રી રત્નશેખરસૂરિ મહારાજે શ્રીપાલચરિત્રમાં તે ઉદ્ધર્યું એટલું જ નહિં પણ 'શ્રી સિદ્ધચક્રયંત્રોદ્ધાર' નામે વ્યવસ્થિત જુદા ગ્રન્થની રચના કરીને તેમાં તેને જાળવી રાખ્યું. સાથેસાથ શ્રી સિદ્ધચક્રમહાયંત્ર મંડલના ચિત્રપટો પણ પરંપરાગત જળવાઇ રહ્યા છે. આજ પણ આપણી પાસે એ મહાયંત્ર અને તેનો પૂજનવિધિ વિદ્યમાન છે.

આરાધક વર્ગને આ પૂજનવિધિનો પરિચય ઘણા સમયથી ઓછો હતો, તેનું મુખ્ય કારણ એ હતું કે-તે પૂજનવિધિની પ્રત મળતી ન હતી, છૂટાછવાયા જુદા જુદા વિધાનો મળતા હતા પણ તેની પ્રામાણિકતા માટે કોઇ પૂરાવા ન હતા.

હમણાં હમણાં તે 'સિદ્ધચક્રયંત્રોદ્ધાર પૂજનવિધિ'ની પ્રતિ મળી આવી છે ને તે વ્યવસ્થિત સંશોધનપૂર્વક પ્રગટ પણ થઇ છે. તેની પ્રામાણિકતા માટે 'સિરિસિરિવાલકહા' 'શ્રીપાળ રાસ' વગેરે પ્રામાણિક ગ્રન્થો છે. આ વિધાનનો સંવાદ તે તે ગ્રન્થોમાં મળે છે તેને અપ્રામાણિક માનવા માટેનું કોઇપણ કારણ મળતું નથી માટે આ વિધાનને પ્રમાણભૂત માનવું એ જ હિતાવહ છે.

અહિં તે યંત્રોદ્ધાર અને તેના પૂજનવિધિનો પરિચય દર્શાવવામાં આવે છે.

મુખ્યત્વે આ યંત્રોદ્ધારમાં નવ વલયો છે, મધ્યમાં અષ્ટદલકમળને તેની કર્ણિકા તરીકે अर्हं સ્થાપન કરવું તેને ૐકારથી વીંટવું અને તે સર્વને ह्रींકારથી વીંટવા. તે ફરતો અનાહત કરવો ને તેને ફરતા સોળ સ્વરો લખવા, આટલા આલેખનને કર્ણિકા કહેવામાં આવે છે.

અષ્ટપત્રમાં સિદ્ધાદિ આઠ પદો સ્થાપન કરવા, તે અષ્ટદલકમળ ફરતું ષોડશદલવલય કરવું તેમાં અનાહતથી યુક્ત આઠ વર્ગો એકાન્તરિત આલેખવા અને વચમાં ખાલી પડેલ દલમાં સપ્તાક્ષર મંત્ર લખવો. આ બીજા વલયને સ્વરાદિ અષ્ટ વર્ગ વલય કહેવામાં આવે છે. તેને ફરતું ત્રીજું વલય લબ્ધિ પદોનું કરવું તેમાં આઠ દિશામાં આઠ પત્રો આલેખી તેમાં આઠ અનાહતો સ્થાપન કરવા, મધ્યમાં રહેલી ખાલી જગામાં ત્રણ ભાગ કરી દરેક ભાગમાં બબ્બે લબ્ધિ પદો લખવા, એટલે એક ગોળાકારમાં ૧૬ લબ્ધિપદો આવે અને ત્રણ ગોળાકારમાં થઇને ૪૮ લબ્ધિપદો આવી જાય. એમ ત્રીજું વલય કરવું. તે વલયને ત્રિરેખ ह्रींકારથી વીંટીને છેડે क्रौंકાર લખવો, તેને ફરતી આઠ ગુરુપાદુકાઓ સ્થાપવી. અહિં સુધી યંત્રમાં આરાધ્યવર્ગ આવે છે ને ત્યારબાદ યંત્ર પ્રત્યે ભક્તિભાવ ધરાવતા અધિષ્ઠાયક આદિ દેવ દેવીઓના વલયો આવે છે. તેમાં સર્વપ્રથમ આઠ દિશામાં આઠ જયાદિ દેવીઓનું વલય, તેને ફરતું શ્રી સિદ્ધચક્રના અધિષ્ઠાયક અઢાર દેવતાનું વલય, તેને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફરતું સોળ વિદ્યાવલય, તેને ફરતું યક્ષ-યક્ષિણીવલય, તે વલયોની ચાર દિશામાં ચાર દ્વારપાલ અને ચાર વીર અને દશ દિશામાં દિક્પાલ સ્થાપન કરવા. ત્રિરેખહ્રીંકાર પછી જે વલયો શરૂ થાય તેની રેખાઓ એ રીતે આલેખવાની છે કે-જેમાંથી કલશનો આકાર યોજાતો જાય, તે કલશને બન્ને બાજુ ખેરુ કરવો, કળશના મૂળમાં નવગ્રહો અને કંઠે નવ નિધિ સ્થાપન કરવા. કળશની બહાર નીચે નાગકોણમાં ક્ષેત્રપાલની સ્થાપના કરવી. એ રીતે યંત્ર-આલેખન પૂર્ણ થાય છે.

ઉપર પ્રમાણે આલેખન થયા બાદ જુદા જુદા વિશિષ્ટ વિધિપૂર્વક આ સર્વનું પૂજન કરવાનું છે. તે પૂજનવિધિ શ્રી સિદ્ધચક્રયંત્રોદ્ધાર પૂજન વિધિમાં વ્યવસ્થિત છે.

યંત્રમાં આવતા જુદા જુદા પૂજનની સંખ્યા આ પ્રમાણે છે.

| | | | |
|---|---|---|---|
| ૧ નવપદ પૂજન | ૯ | ૯ વિદ્યાદેવી પૂજન | ૧૬ |
| ૨ અષ્ટવર્ગ પૂજન | ૮ | ૧૦ યક્ષ-યક્ષિણી પૂજન | ૪૮ |
| ૩ સપ્તાક્ષર મંત્રપદ પૂજન | ૮ | ૧૧ દ્વારપાલ-વીર પૂજન | ૮ |
| ૪ અનાહત પૂજન | ૧૬ | ૧૨ દિક્પાલ પૂજન | ૧૦ |
| ૫ લબ્ધિપદ પૂજન | ૪૮ | ૧૩ નવગ્રહ પૂજન | ૯ |
| ૬ ગુરુપાદુકા પૂજન | ૮ | ૧૪ નિધિ પૂજન | ૯ |
| ૭ અધિષ્ઠાયક પૂજન | ૧૮ | ૧૫ ક્ષેત્રપાલ પૂજન | ૧ |
| ૮ જયાદિ દેવી પૂજન | ૮ | ૧૬ શ્રી સિદ્ધચક્ર યંત્ર પૂજન | ૧ |

આ પ્રમાણે સર્વ મળી પૂજન સંખ્યા ૨૨૫ થાય છે. એ સંખ્યા પણ એક અપેક્ષાએ નવની જ છે ને નવનો આંક અખંડિત છે તેમ આ પૂજન પણ અખંડિત છે. આ પૂજન અને તેના યંત્રને આરાધક આત્માએ ગીતાર્થ પાસે સમજવા અને સમજપૂર્વક પૂજન કરવા તત્પર બની તેના લાભો મેળવવા અને આત્મ-કલ્યાણ સાધવામાં ઉજમાળ બનવું.

રાસ સાહિત્યનો ઉત્કૃષ્ટ નમૂનો

એક વાર વાંચવો શરૂ કર્યા પછી પડતો મૂકવો નહિ ગમે

તે

શ્રી સીમંધર શોભાતરંગ (સચિત્ર)

અવશ્ય વસાવો. પૃ. ૩૨૦, રંગીન ફોટાઓ,
પાકું બાઈંડીંગ છતાં મૂલ્ય માત્ર રૂપિયા બે.

લખો—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી મહાવીર જીવન : સ્વલ્પ વિવેચન

લેખક:—શ્રી મગનલાલ મોતીચંદ શાહ "સાહિત્યપ્રેમી" સુરેન્દ્રનગર

દેવાધિદેવ ભગવંત મહાવીરના જીવન વિષે થોડું લખતાં પહેલાં તેમના સ્મરણરૂપ મંગલાચરણ કરું છું.

## મંગલાચરણ ( વસંતતિલકા )

**यस्योपदेशनपदान्यवगत्य नित्यं, मुक्तिश्रियं तनुभृतः सपदि श्रयन्ते ।**
**स्वर्भूर्भुवः कमलकोशविकासनैक–प्रद्योतनः स जयाज्जिनवर्धमानः ॥ १ ॥**

જેના ઉપદેશ પદોને સમ્યક્ પ્રકારે આરાધીને આ જગતના ઘણા જીવો મુક્તિરૂપી લક્ષ્મીને ત્વરિત પ્રાપ્ત કરે છે, તેવા સ્વર્ગલોક, મૃત્યુલોક અને પાતાલલોક એ ત્રણ લોકરૂપ કમલકોશને વિકસાવનાર પ્રદ્યોતનરૂપ(સૂર્યરૂપ) જિનેશ્વર **વર્ધમાન પ્રભુ (મહાવીરસ્વામી)** સદા જય પામો.

શુભ કાર્યારંભે શિષ્ટ પુરુષોને વંદન કરવું એ શિષ્ટાચાર છે, આ આર્ય પ્રણાલિકા છે, નિર્વિઘ્ને કાર્યની સમાપ્તિ અર્થે આ વ્યવહાર સ્વીકાર્ય છે, માટે જ કહ્યું છે કે–" **धर्मं प्रति मूलभूता वंदना ।** " ધર્મમાર્ગમાં જીવને આગળ વધવામાં મૂળભૂત જો કોઇ પણ કારણ હોય તો તે ભાવથી મહાપુરુષને વંદન કરવું તેજ છે. વંદનનો ભાવ પ્રગટવાથી આત્મક્ષેત્રમાં ધર્મનું બીજ વવાય છે, જેને પરિણામે જીવ ધર્મશ્રવણ અને ધર્માચરણ તરફ દોરાય છે, બુદ્ધિ નિર્મળ થાય છે, વિવેક ઉદ્‌ભવે છે અને આત્મા સ્વાત્મલક્ષી બને છે. સ્તુતિ, પ્રાર્થના કે વંદનનો પ્રભાવ આવો અવર્ણનીય છે.

## ગુણી જીવો ગુણનું આરાધન કરે છે અને એ સમયને ધન્ય માને છે.

સંસારમાં પૂજનીય મહાત્માઓની પૂજાવિધિ અનેક પ્રકારે પ્રવર્તે છે. વિદ્યમાન અને અવિદ્યમાન મહાત્માઓની પૂજાવિધિમાં સંસાર પોતાના રાગ પ્રમાણે ભિન્ન ભિન્ન સામગ્રીઓ યોજે છે. જયંતિઓ ઉજવવી, કથા–કીર્તનો કરવા, ગુણાનુવાદ ગાવા, તપશ્ચર્યા કરવી કે શાંતભાવે એકાંતમાં ગુણનું સ્મરણ કરવું. આ સર્વ અવિદ્યમાન મહાત્માઓની પૂજાવિધિ છે, ભાવસ્મરણ છે.

વિદ્યમાન મહાત્માઓનો પરિચય સંસારી જીવો ગમે ત્યારે કરી લાભ મેળવી શકે છે, પરંતુ અવિદ્ય મહાત્માઓનો પરિચય વિકટ છે, ને તે શોધવામાં સાધન–સંપત્તિની જરૂર પડે છે. પ્રભુનો જન્મકલ્યાણકનો દિવસ એ નિમિત્તના સાધનરૂપ છે. આવા પ્રસંગના સાધનની પ્રાપ્તિમાંથી ગુણી જીવો ગુણને ગ્રહણ કરે છે અને એ સમયને ધન્ય ગણે છે.

## પ્રભુનું જન્મકલ્યાણક.

ચૈત્ર શુકલ ત્રયોદશીનો દિવસ એ વીરપ્રભુનું જન્મકલ્યાણક છે. દરેક તીર્થંકર દેવના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાંચ કલ્યાણકો શાસ્ત્રકાર ગણાવે છે. ચોવીશે તીર્થંકરોના ૧૨૦ કલ્યાણકો સર્વ જીવોને આરાધ્ય છે. જેના જીવનથી જગતનું કલ્યાણ થાય તેને કલ્યાણક કહેવામાં આવે છે. સંત-પુરુષોનો જન્મ જગતના કલ્યાણને માટે છે. અવિદ્યાના અંધારામાં અથડાતા જગતને પ્રકાશ આપવા માટે છે, જે જીવાત્માએ કર્મની અનંત રાશિ કાપીને તીર્થંકરનામગોત્ર ઉપાર્જન કર્યું છે તેવા પ્રતાપી જીવોના જન્મને જ કલ્યાણક કહેવામાં આવે છે કે જેના પ્રતાપથી નારકીના જીવો પણ બે ઘડી શાતા અનુભવે છે. આવું તીર્થંકર પદનું માહાત્મ્ય છે.

સામાન્ય કેવળી, ગણધરો, શ્રુતકેવળી કે બીજા સંતપુરુષોના જન્મને માટે કલ્યાણક શબ્દ વપરાતો નથી. જો કે આ સર્વ મોક્ષગામી આત્માઓ છે, પરંતુ તીર્થંકર પદવીની ખાસ વિશેષતા છે. તેથી જ આપણે તીર્થંકર દેવની જયન્તિ ઉજવીએ છીએ કેમકે ચૌદ રાજલોકને સુખ આપનાર સંતનો આ જન્મદિવસ છે. માટે જ કહ્યું છે કે—" **चउहिं ठाणेहिं लोउज्जोते सीता तं अरिहंतेहिं जायमाणेहिं।** " પ્રભુના જન્મથી ચૌદ રાજલોકને મળતું સુખ એ જ એમના જન્મની મહત્તા છે.

## તીર્થંકર દેવનું ખાસ માહાત્મ્ય

સામાન્ય કેવળી અને બીજા સંતો કરતાં તીર્થંકર દેવની વિશેષતા એ છે કે—તીર્થંકરો જન્મથી જ જ્ઞાનવાન છે અને પુણ્ય પ્રકૃતિમાં સર્વથી અધિક છે. જૈન શાસ્ત્રમાં ચાર પ્રકારના જિન કહ્યા છે. ૧ શ્રુતજિન ૧૦-પૂર્વધરથી ૧૪ પૂર્વધર સુધીના મુનિઓ. ૨ અવધિજિન-અવધિજ્ઞાનવાળા મુનીશ્વરો. ૩ મનઃપર્યવજિન તે વિપુલ-ઋજુમતિ મનઃપર્યવ જ્ઞાનધારક વિશુદ્ધધર શ્રમણ નિર્ગ્રંથો. ૪ કેવળીજિન-તે સામાન્ય કેવળી ભગવંતો. આ ચારે જિનના અધિષ્ઠાયક તીર્થંકરદેવ દેવાધિદેવ કહેવાય છે. અષ્ટ પ્રાતિહાર્યરૂપ પૂજાને જેઓ લાયક છે તે જ તીર્થંકર કહેવાય છે. ચોત્રીશ પ્રકારના અતિશય અને એક હજાર આઠ ઉત્તમ લક્ષણોથી વિભૂષિત હોય છે. એમની સામાન્ય કેવળી કરતાં વિશેષતા છે. ત્રિપદીની રચના જે ગણધર મહારાજા કરે છે તે તીર્થંકરદેવના ઉપદેશમાંથી જ થાય છે; સામાન્ય કેવળીના ઉપદેશથી તેમ બનતું નથી. તીર્થંકરપણું એ એક ભવની કમાણી નથી ત્યારે પણ અનેક ભવનો પરિપાક છે. એક અવસર્પિણીમાં કેવળી ભગવંતો અસંખ્યાતા હોય છે, તીર્થંકરો માત્ર ૨૪ ચોવીશ જ હોય છે એ વિશેષતા છે. શ્રોતાના મનનું સમાધાન થાય એવા જ વચનો તીર્થંકરોના મુખમાંથી નીકળે છે એ એમનો વચનયોગ છે. આ પુણ્ય પ્રકૃતિ સામાન્ય સંતોમાં હોતી નથી. વળી તીર્થંકર દેવનો જન્મોત્સવ ભાવપૂર્વક દેવતાઓ કરે છે, તેમજ તીર્થંકર દેવ ચારે તીર્થની સ્થાપના કરે છે. બીજા સંતોથી આ કાર્ય થતું નથી. નીચેના શ્લોકમાં " **यतीशाः** " શબ્દ વપરાયો છે, તે સર્વેશ્વર તીર્થંકર દેવને જ માટે છે, જે આપણા કથનને પુષ્ટિ આપે છે.

**सुरासुरनराः सर्वे, येनैते स्ववशीकृताः।**
**निर्जितो यैः स कामोऽपि, ते यतीशाः सुखप्रदाः ॥ १ ॥**

અર્થરત્નાવળી ૪૩૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પ્રભુ મહાવીરના જીવનનાં વિશિષ્ટ પ્રસંગો.

આમ કલ્યાણક શબ્દ સાધારણ કેવળીને નહીં પણ તીર્થંકર દેવને જ ઘટે છે. તે મુજબ ચૈત્ર સુદ ત્રયોદશીએ વીરપ્રભુનું જન્મ કલ્યાણક છે, ને તે ઉજવાય છે. લોકોત્તર પુરુષોના જીવનના પાંચ વિશિષ્ટ પ્રસંગોને જ કલ્યાણક કહેવામાં આવે છે.

**૧ ચ્યવન પ્રસંગ—આષાઢ સુદ ૬**

મરીચિના ભવનો મદ, ઉત્સૂત્રપ્રરૂપણા, કર્મબંધનું કારણ, દેરાણી જેઠાણીનો સંબંધ, બ્રાહ્મણ કુળમાં ઉત્પન્ન થવું ને ત્યાંથી ક્ષત્રિય કુળમાં આવવું, ગર્ભસંક્રમણ આશ્વિન વદ ૧૩, માતા ત્રિશલાદેવીનો આનંદ, રાજમાં થઇ રહેલી વૃદ્ધિ, ચૌદ સ્વપ્ના, સ્વપ્નપાઠકોને પૂછેલા ભાવો, ગર્ભનું અકંપ્યપણું, ગર્ભમાં પ્રભુએ કરેલો નિશ્ચય, માતાપિતાની ભક્તિનું પડેલું પ્રતિબિંબ.

**૨ જન્મ પ્રસંગ—ચૈત્ર શુકલ ત્રયોદશી**

૯ માસ અને ૭ દિવસ ગર્ભમાં વાસ, ઇંદ્રે મૂકેલો ઉપયોગ, દેવ દેવીની ભક્તિ, છપ્પન કુમારિકાકૃત સ્નાનોત્સવ, પ્રભુ પોતાની શક્તિનો ચમત્કાર બતાવે, માતાપિતા જન્મોત્સવ ઉજવે, રિદ્ધિસિદ્ધિની વૃદ્ધિ થતાં વર્દ્ધમાન નામ પાડવામાં આવે, બળની પ્રાપ્તિ થતાં **મહાવીર** કહેવાય.

**૩ દીક્ષા પ્રસંગ—માગશર વદ ૧૦**

રાજ્યનો અને ગૃહસ્થાશ્રમનો લીધેલો અનુભવ, અઠ્ઠાવીશ વર્ષની યુવાવસ્થામાં સંસાર પર પ્રગટેલો વૈરાગ, માતાપિતાની ભક્તિનો લીધેલો પૂરો લાભ, ૨ વર્ષ બંધુભાવ બતાવવા સંસારમાં રહેવાનો કરેલો નિરધાર, પ્રભુનું ત્યાગી જીવન—એ ખાસ આપણું લક્ષ ખેંચે છે. સંસારમાં રહીને પ્રભુએ ત્યાગભાવ જ કેળવ્યો છે. જ્યારે સંસારના પ્રપંચમય વ્યવહારમાં નિર્મોહી જીવન વ્યતીત થાય તે જ ખરું ત્યાગી જીવન કહી શકાય, રાજસુખની અનેક લાલચોની જેના પર તૃણ જેટલી પણ અસર થતી નથી એવા મહારથીઓ જ દીક્ષાપર્યાયને શોભાવે છે.

સંસાર પરનો અનાસકત ભાવ એ પ્રભુના જીવનનો મૂળ રંગ છે, બે વર્ષ સંસારમાં વધારે રહ્યા તે અનાસકત ભાવે જ. પ્રારબ્ધના ક્ષય અર્થે જીવન વહન કરવું એ જ જ્ઞાનીનો ઉદ્દેશ હોય છે. સંસાર વ્યવહારની છોળો સાચા સંતને વિકૃતિ ઉત્પન્ન કરતી નથી. સંસારની વચમાં રહીને જીવન વહન કરવામાં ત્યાગવૃત્તિની ખરી કસોટી છે. વૈરાગ્યની છેલ્લી ભૂમિકા પ્રાપ્ત થતાં કરોડો સોનામહોરનું દાન આપી રાજરિદ્ધિ અને વહાલું કુટુંબ છોડી પ્રવ્રજ્યા સ્વીકારે છે. એટલે કે પ્રભુએ તમામ વસ્ત્રો, અલંકારોનો ત્યાગ કરી પંચમુષ્ટિવડે કેશનો લોચ કરી "**नमो सिद्धाणं**" એ પદથી સિદ્ધ ભગવાનને નમસ્કાર કરી "**करेमि सामाइयं सावज्जं जोगं पच्चक्खामि जावजीवाए**" એ શબ્દનો ઉચ્ચાર કરી ચારિત્ર ધર્મને સ્વીકારે છે. યતિ ચારિત્ર, પંચ મહાવ્રત, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિમાં પર્યવસિત થાય છે. આ પાંચ મહાવ્રતરૂપ ચારિત્રને સામાયિક ચારિત્ર એટલા માટે કહેવામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવે છે કે તેનો પાયો સમભાવ ઉપર જ રચાયેલો છે. આ ચારિત્ર વહનમાં જગતના સર્વ જીવોને પોતા સમાન ગણવાના હોય છે. કોઇપણ જીવને કષ્ટ આપવાનું નથી કેમકે "**सव्वेसिं जीवियं पियं**" સર્વ જીવોને જીવન પ્રિય છે, દુઃખ કોઇને વહાલું નથી. પ્રભુએ આ ચારિત્ર સ્વીકારી જ્ઞાનમાર્ગે પ્રયાણ કર્યું.

## કર્મની વેદી પર મૂકાયેલો આત્મા.

કર્મના હોમ માટે પ્રભુને બાર વર્ષ ને ૧૫ દિવસ અઘોર તપશ્ચર્યા કરવી પડી હતી તેમાં ૩૪૯ દિવસ માત્ર લૂખાસૂકા આહારના જ હતા; બાકી ૪૧૬૫ દિવસો ઉપવાસમાં ગાળ્યા હતા. પ્રભુના તપની બલિહારી છે, ૯ ચાતુર્માસિક તપ, ૧ છમાસિક તપ, ૧ પાંચ માસ અને ૨૫ દિવસનો અભિગ્રહ તપ, છદ્વિમાસિક તપ, બાર માસિક તપ, ૭૨ અર્ધમાસિક, બે ત્રિમાસિક, બે દોઢ માસિક, ઉપરાંત બાર વાર ભિકખુપડિમાનું વહન કરતાં ૨૨૯ છઠ્ઠની તપશ્ચર્યા કરી હતી. આ પ્રભુનો છદ્મસ્થ અવસ્થાનો ભયંકર તપ કે જેને પરિણામે ચાર ઘનઘાતી કર્મનો નાશ છતાં અનંતલબ્ધિરૂપ કૈવલ્ય જ્ઞાન, કૈવલ્ય દર્શન પ્રાપ્ત થયું. આ વખતે પ્રભુનું બારમું ચાતુર્માસ ચંપા નગરીમાં હતું.

પહેલું ચાતુર્માસ—અસ્થિક ગામ બહાર શૂલપાણિ યક્ષના દેવળમાં, ત્યાં કષ્ટ ઘણું પડયું.

બીજું ચાતુર્માસ—રાજગૃહી નગરીના નાલંદા પાડામાં, અહીં ગોશાલકનો ભેટો થયો.

ત્રીજું ચાતુર્માસ—ચંપા નગરીમાં કર્યું, બબ્બે માસની તપશ્ચર્યા કરી.

ચોથું ચાતુર્માસ—પૃષ્ઠચંપામાં કર્યું, અહીં ચાતુર્માસિક તપ આદર્યો હતો.

પાંચમું ચાતુર્માસ તથા છઠ્ઠું ચાતુર્માસ-ભદ્રિકા નગરીમાં, ચોમાસી તપ પૂર્ણ કર્યું.

સાતમું ચાતુર્માસ—મગધ દેશમાં આલંભિકા નગરીમાં કર્યું.

આઠમું ચાતુર્માસ—ફરીને રાજગૃહીમાં ચારે માસના ઉપવાસ સાથે કર્યું.

નવમું ચાતુર્માસ—અનાર્ય દેશમાં કર્યું, ત્યાં અત્યંત કષ્ટ વેઠયું.

દસમું ચાતુર્માસ—શ્રાવસ્તી નગરીમાં કર્યું, અહીં સંગમનો ભયાનક ઉપદ્રવ સહન કર્યો.

અગિયારમું ચાતુર્માસ—વિશાલા નગરીમાં કર્યું, ચંદનબાળાનો અભિગ્રહ પૂર્ણ થયો.

૪ થું કલ્યાણક—કૈવલ્યની પ્રાપ્તિ વૈશાક શુદ ૧૦.

## પ્રભુનો ઉપદેશ.

કૈવલ્ય જ્ઞાનની પ્રાપ્તિ પછી પ્રભુએ જગતને બોધ દેવો શરૂ કર્યો, સંપૂર્ણ જ્ઞાનની પ્રાપ્તિ સિવાય તીર્થંકરો ઉપદેશનું કામ કરતા નથી. ઉપદેશની સફળતા સાચા જ્ઞાન પર જ અવલંબે છે, તીર્થંકર દેવની વાણી સર્વતોમુખી હોવાથી સર્વ જીવોને આરાધ્ય છે. ભારતવર્ષમાં આજે અંધકારનો યુગ ચાલતો હતો, બૌદ્ધ ધર્મની પ્રબળતા હતી પરંતુ તે ધર્મમાં શિથિલતા દાખલ થઇ ગઇ હતી તેમજ આ વખતે બ્રાહ્મણ ધર્મ પણ ફૂલ્યોફાલ્યો હતો. ધર્મને નામે પશુઓનાં બલિદાન અપાતાં હતાં. મૂક પ્રાણીઓના ભોગથી જનતા ધ્રુજી રહી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હતી. પ્રભુ મહાવીરે આ દિશામાં ઉપદેશ શરૂ કર્યો, "જીવો અને જીવવા દો" આ મંત્ર બરાબર સમજાવ્યો. સૌ પ્રાણીને જીવવાનો હક્ક સરખો છે, કોઇના હક્ક ઉપર ત્રાપ મારી શકાય નહીં. સુખ ભોગવવાની ઇચ્છા રાખનારે સુખનું દાન કરવું જોઇએ. બીજા જીવોને સુખી કરે તે જ સુખી થાય. દુઃખ આપીને સુખની ઇચ્છા કોઇ રાખી શકે જ નહીં. જો આપણને જીવન વહાલું છે તો સર્વ જીવોને તે વહાલું હોવું જોઇએ. નિરપરાધી જીવોને દુઃખી કરનાર ઘોર નર્કમાં જાય છે અને ત્યાં તેનાં ફળ ભોગવે છે. પાપથી જીવો સુખી થઇ શકે નહીં, ઝેર ખાવું અને બચવાની આશા રાખવી એ કાર્ય જ અસંભવિત છે. પ્રભુનો આ બોધ આર્યાવર્તમાં ફેલાયો અને અહિંસાનો દિગ્વિજય થયો.

## પ્રભુના બોધમાંથી અભ્યાસ અર્થે નીચેના મુદ્દા તારવી શકાય.

૧ જે જીવો આત્માના સ્વભાવરૂપ જ્ઞાન, દર્શન, ચારિત્રને સમ્યક્ પ્રકારે સેવે છે તે જીવ સંસારને પાર કરી શકે છે.

૨ જીવને તરવાનો માર્ગ પ્રથમ દષ્ટિએ ત્યાગ માર્ગ છે.

૩ તપના તાડન વિના કર્મરૂપી દોષ છૂટતો નથી.

૪ જેઓ જ્ઞાન અને ક્રિયાનો સમ્યક્ પ્રકારે સુમેળ સાધે છે તે જ મોક્ષને પામે છે.

૫ જ્યાં એકાંત ભાવ છે ત્યાં અજ્ઞાન છે, કે જેનાથી રાગ અને દ્વેષ વધે છે. રાગ દ્વેષ વધવાથી સંસાર વધે છે જેથી રાગ દ્વેષથી મુક્ત થવું એ જ કર્તવ્ય છે.

૬ મુમુક્ષુ જીવોનો અધ્યવસાય જીવને ધર્મ સાથે જોડવાનો જ હોય છે.

૭ હું અને મારું એ સંસારની વૃદ્ધિરૂપ આવૃત્તિ છે.

૮ અજીવ આવરણે આત્માનું શુદ્ધિકરણ રોકયું છે.

૯ અહિંસા, સંયમ અને તપ આ ત્રણ દરવાજામાંથી મોક્ષે પહોંચાય છે.

૧૦ જ્યાં શુભાશુભ વિકલ્પ નથી ત્યાં નિર્જરા છે.

## પ્રભુ મહાવીરનો જીવનવિકાસ એ દીર્ઘકાલીન છે.

દરેક જીવાત્માનો આત્મવિકાસ સરખો નથી, કેટલાક જીવાત્માઓ સ્વભાવથી જ આત્મવિકાસને પામે છે ત્યારે કેટલાક સ્વભાવથી જ આત્મવિકાસને પામતા નથી, આ એનો સ્વભાવ-દોષ છે. કોઇ કોઇ જીવાત્માઓ હજુ વિકાસને પંથે વળ્યા નથી. ત્યારે કેટલાક લાયકાતવાળા છતાં સાધનને અભાવે વિકાસને પામી શકતા નથી. કેટલાક જીવો દીર્ઘકાલીન વિકાસગામી છે ત્યારે કોઇ કોઇ જીવો ક્ષણકાલીન વિકાસગામી હોય છે. પ્રભુ મહાવીરના ૨૭ ભવ અને કાળચક્રનો વિચાર કરતાં તેમજ કર્મના સમુદાયનો ઉદય જોતાં પ્રભુ દીર્ઘકાલીન વિકાસગામી ગણાય છે કે જે બીજા તીર્થંકરો કરતાં વધારેમાં વધારે છે. ક્ષણકાલીન વિકાસગામી જીવોમાં માતા મરુદેવાજીનું જ નામ મૂકી શકાય. બીજા મોક્ષગામી જીવો તો અર્ધપુદ્ગલપરાવર્તની અંદર થોડા જ કાળમાં ત્રીજે ભવે, પાંચમે ભવે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આઠમે ભવે કે પંદરમે ભવે મોક્ષે ગયા છે. ત્યારે પ્રભુને ૨૭ ભવ અને લગભગ અર્ધપુદ્ગળ કાળ એ ઉતરતા કાળની હૈયાતી સૂચવે છે. આજે તો એ માર્ગની વાત જ થઇ શકે નહીં.

## જયન્તિઓ ઉજવવાથી કે જન્મચરિત્રો વાંચવાથી થતાં લાભો

મહાપુરુષોના જીવન ઉપરથી આપણામાં સહિષ્ણુતા, ભદ્રતા, સુશીલતા આવે છે, તેમજ કર્તવ્યનું ભાન પણ થાય છે. ત્યાગની મહત્તા, દયા, ક્ષમા અને સ્વાશ્રયના પાઠો આ પાઠકના જીવનમાંથી સાંપડે છે. આજની જડવાદી દુનિયામાં પ્રભુનું જીવન પ્રેરણાત્મક છે, આજે પરમાર્થ દૃષ્ટિ ઘટી છે, વિવેક ભૂલાયો છે તેવા સમયમાં પ્રભુ મહાવીરનું જીવન એક મૂક ઉપદેશકનું કામ કરે છે, તેમજ કેટલીક નવીન સ્ફૂરણા પણ આપે છે, મહાપુરુષો શાથી થયા ? મહાપુરુષ એટલે શું ? મહાપુરુષોએ આત્મસાધના માટે શું કર્યું ? આપણે આત્મસાધના કરીએ તો બને કે નહીં ? શું એ અશક્ય છે ? મનુષ્યની શક્તિનું માપ ખરું કે ? વગેરે ચિતાર મહાપુરુષોના જીવનમાંથી મળે છે.

## ઉપસંહાર

આ લેખમાં પ્રભુના જીવન વિશે યથાશક્તિ લખવા પ્રયત્ન કર્યો છે, આ વિશાળ જીવનને ગમે તેટલું વિસ્તારી શકાય છે, પરંતુ લેખોમાં તેનું માપ રાખવું પડે છે. પ્રભુના જન્મકલ્યાણકને દિવસે કાંઇક સક્રિય કાર્ય કરવું જોઇએ. સંગઠનનો સમય આવી પહોંચ્યો છે, જેથી ગામો ગામ અને દરેક શહેરમાં જૈનોના ત્રણે સમુદાયે સાથે મળીને જયંતિ ઉજવવી જોઇએ. વિભક્ત દશાએ જૈન પરિસ્થિતિને ઘણી ગૂંચવી દીધી છે, અને તેનો અનુભવ પણ સૌને મળી ગયો છે. હવે વખત પલટાયો છે. કુસંપના ફળો આપણે સૌએ ભોગવ્યા છે. સંપથી, ઐક્યથી કે યોગ્ય સંગઠનથી આપણે આપણી સમાજને આગળ લાવી શકશું એ પણ આપણે જાણીએ છીએ તો પ્રભુના જયન્તિના દિવસે એવો જ નિર્ણય કરીએ કે જૈનોના ત્રણે ફીરકા એક જ પિતાના પુત્ર છે, એક જ અહિંસાત્મક ધર્મના આરાધક છે અને સમભાવથી જ મોક્ષને માનનારા છે, ત્રણે એક જ પંથના પંથી છે. મુસાફરીના માર્ગમાં સૌ સૌની રુચિ પ્રમાણે સૌની પાસે ભલે જૂદું ભાથું હોય પણ ધ્યેય એક જ અને અવિચ્છિન્ન છે. તો પછી આપણે સૌએ આજે એક જ ધર્મધ્વજા નીચે ભેગા થઇએ, પ્રભુનો ગુણાનુવાદ ગાઇ પાવન થઇએ એ જ અભિલાષા.

આત્મિક આનંદ અને શાંતિ પ્રાપ્ત કરવા માટે

અવશ્ય વાંચો ઉપાધ્યાયજીકૃત

**જ્ઞાનસાર**

કીંમત બે રૂપિયા. લખો–શ્રી જૈનધર્મ પ્રસારક સભા–ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ચમત્કારમય મહાવીર જીવન

( લેખકઃ—સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ )

પ્રભુ મહાવીરના જીવનમાં અનેક ચમત્કારો ભરેલા છે. અને ચમત્કારો વાંચી અનેક અર્વાચીન વિદ્વાનો તરત જ અચકાય છે. સામાન્યતઃ જીવનમાં જે ઘટનાઓ બને છે તેવી જ ઘટનાઓ હોય તો જ તે વિશ્વાસપાત્ર ગણાવવી જોઇએ એવી બુદ્ધિવાદી જનતાની માન્યતા હોય છે. પોતાની બુદ્ધિમાં જે ઘટના નહીં બેસે તે ઘટના બનવી અશક્ય છે એવી માન્યતા તેમના મનમાં ઘર કરી બેસેલી હોય છે. એકાદ જાદુનો ખેલ કરનાર જયારે એકની પાછળ એક વિલક્ષણ કૃતિઓ કરે છે ત્યારે આપણે આશ્ચર્યચકિત થઇએ છીએ. પણ વચમાંની કડીઓનો ઉકેલ મેળવી લેતા તે ચમત્કાર મટી સામાન્ય ઘટના બની જાય છે અને ચમત્કારનો પડદો દૂર થઇ જાય છે. જાદુઇ ચમત્કારો બતાવનારની પોલ ખુલ્લી થઇ જાય છે ત્યારે પ્રભુ મહાવીર જેવા મહાન્ આત્માઓ સંબંધી પણ ચમત્કારોની વાત આવતાં તેમને પણ સામાન્ય કોટીના માનવોની પંક્તિમાં ગણવાની તેમને ઇચ્છા થાય છે. અને તેને લીધે જ પ્રભુ મહાવીરનું ચરિત્ર લખનારાઓએ ચમત્કારની વાતો પાછળથી ઉમેરી દીધી હોવી જોઇએ એવી માન્યતાનો તેઓ પ્રચાર કરતા જણાય છે. પોતાના ધર્મગુરુની મહત્તા વધારવાની લાલચે ચરિત્રકારોએ ખોટી વાતો ઉમેરી દીધી હશે એવી કલ્પનાના તેઓ ભોગ બની જાય છે!

બાલ્યાવસ્થામાં ભયંકર સર્પને હાથે ઝાલી ફગાવી દેવો, દેવતાએ વિશાલકાય રૂપ ધારણ કરતાં તેને મુઠીવડે દાબી દેવો, મેરુપર્વતને પોતાના બાલ અંગૂઠાવડે હલાવવો એવી વાતો બધી ખોટી જ હોવી જોઇએ. એ તો ભક્તોએ પોતાના ગુરુની અવાસ્તવ સ્તુતિ કરેલી હશે વિગેરે વિચાર-પ્રવાહો બુદ્ધિવાદી પંડિતોમાં વહેતા રહેલા છે. બની શકે તો એવી કલ્પનાનો આપણે ઉકેલ મેળવવાનો પ્રયત્ન કરીએ.

નાટકના સ્ટેજ ઉપર જયારે જુદા જુદા અદ્ભુત દેખાવો રજૂ થાય છે ત્યારે અદૃશ્ય ભાગમાં અનેક માનવો એ ઘટના સફળ કરવા માટે અનેક જાતની સામગ્રી લઇ એ દેખાવને પોષણ આપે છે. એકાદ બે માનવોનો એમાં હાથ નથી પણ કેટલીએક વખત સેંકડો માનવોના જુદા જુદા રૂપમાં પ્રયત્નો તેમાં કામમાં લાગેલા હોય છે. એ બધાઓનો એકત્ર મેળ એટલે જ એ સ્ટેજનો દેખાવ હોય છે. એટલે અદૃશ્ય ભાગમાં જે ઘટનાઓ થાય છે તે બાહ્ય દેખાવથી તો અદૃષ્ટ જ રહે છે. તેને હિસાબમાં લેવામાં આવે તો જ સ્ટેજની દેખાતી ઘટનાઓનો સાચો ઉકેલ મળી આવે. પ્રભુ મહાવીરની જીવન ઘટનાઓનો પણ આપણે એવી જ રીતે વિચાર કરવો જોઇએ.

માનવ જીવનની પાછળ અનંત ભવોની ઘટમાળ હોય છે. માનવે કરેલા અનેક કર્મોનો મહાકાય પર્વતો જેટલો સમૂહ એકત્રિત થયેલો હોય છે. એ સમૂહ અત્યંત જાજવલ્ય અને કાર્યપ્રવણ હોય છે. એમાંનો કેટલોએક ભાગ યોગ્ય સમય પાકવાની રાહ જોઇ રહ્યો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોઈ સુપ્ત અવસ્થામાં પડી રહેલો હોય છે. આત્માની શક્તિની કોઇ મર્યાદા બાંધી શકે નહીં. તે અનંત હોય છે એ દીવા જેવી વાત છે. ફક્ત એ શક્તિ ખીલવવા માટે યોગ્ય દિશાએ પ્રયત્ન થવો જોઇએ. પ્રભુ મહાવીર જેવા મહાન્ આત્માઓ જે એની છેલ્લી સિદ્ધિએ પહોંચેલા હોય છે તેમના અનંત જન્મોથી પ્રયત્ન કરેલ શક્તિઓ એકત્રિત થયેલી હોય એ સ્વાભાવિક વસ્તુ છે. એ શક્તિઓનો આવિષ્કાર થતા સામાન્ય માનવદૃષ્ટિને અદ્ભુત લાગે એમાં શંકા નથી. મતલબ કે દરેક ઘટનાની પાછળ જેને આપણે દૈવી શક્તિ કહીએ એ સતત કાર્યપ્રવૃત્ત હોય છે. એ વસ્તુ સ્વીકાર્યા પછી પ્રભુના બાલ્યાવસ્થામાં જણાતા ચમત્કારો એ તદ્દન નાની વસ્તુ સિદ્ધ થાય છે. મહાવીર પ્રભુની શક્તિ તો એથીએ અનંતગણી હોય એ સ્પષ્ટ સિદ્ધ થાય છે.

બુદ્ધિવાદી પંડિતો જ્યારે કોઇ પણ વસ્તુનો નિર્ણય ઉચરે છે ત્યારે ફક્ત સ્થૂલ જણાતા દેહ કે સામાન્ય પંક્તિના માનવની જ ભૂમિકાનો વિચાર કરે છે. ચર્મચક્ષુઓથી દેખાતી વાતો જ સત્ય હોય એમ માનવા પ્રેરાય છે. પણ દરેક જીવમાત્રને સ્થૂલ જણાતા શરીર કરતા પણ વધુ પ્રભાવશાલી વૈક્રિય શરીર હોય છે. મનઃશરીર ઉપરાંત બુદ્ધિનું મહાન્ તત્વ તેની પાછલ પ્રબલ રીતે કામ કરે છે એ વસ્તુ ભૂલવી જોઇએ નહીં. અંતિમ સિદ્ધિની નિકટ આવેલા આત્માઓ એ બધી આત્મસમૃદ્ધિ સાથે વિરાજિત થયેલ હોય છે. એઓ જરૂર વિના પોતાની અતુલ શક્તિનો આવિષ્કાર કરવા લલચાતા પણ નથી. કારણ એમના માટે એ સામાન્ય રમત જેવી વસ્તુ હોય છે. એમને દરેક વસ્તુથી છૂટા થવાનું હોય છે અર્થાત્ મુક્ત થવાનું હોય છે. એટલે આપણી દૃષ્ટિમાં જે અદ્ભુત ચમત્કાર જણાય છે તે એવા મુક્તિનિકટ આત્માઓને જરાએ વધુ પડતી વસ્તુ નથી. એવા ચમત્કારોને અસત્ય માનવાને લલચાનારા આત્માઓએ પોતાની જ બુદ્ધિનું અલ્પજ્ઞત્વ જોવાનું છે.

સામાન્ય રીતે જગતમાં આપણે જોઇએ છીએ કે-એક જ ગુરુ પાસે ભણનારા અનેક વિદ્યાર્થીઓ જુદા જુદા ગુણો ધરાવતા હોવાને લીધે જુદા જુદા ક્ષેત્રોમાં ચળકી નિકળે છે. એક વકીલ થાય છે તો બીજો ન્યાયાધીશ થાય છે. એક સૈનિક થાય છે તો બીજો ડૉકટર થાય છે. એક સુતાર થાય છે તો બીજો ગવઇયો થાય છે. એક ગણિતમાં અપૂર્વ સિદ્ધિઓ મેળવી નવા સિદ્ધાંતો સ્થાપન કરે છે તો બીજો સામાન્ય સરવાળો ગણતા અનેક ભૂલો કરી બેસે છે. એક મુસદ્દી થાય છે ત્યારે બીજો મોટર ડ્રાઇવર થાય છે. એક મહેલોમાં આનંદ ભોગવે છે ત્યારે બીજો ફૂટપાથ ઉપર ગુજારો ચલાવે છે. આ બધું થાય છે એમાં અકસ્માત નથી પણ કડોબંધ કાર્યપ્રવૃત્તિ છે. સૃષ્ટિના કર્મસિદ્ધાંતનો એ સ્પષ્ટ આવિષ્કાર છે. એ બધી અપૂર્ણોની હકીકત છે. જે આત્માને બધા જ બંધનો શિથિલ થયા હોય તેને અનેક સિદ્ધિઓ મળવી એ વિલક્ષણ કે અસ્વાભાવિક ઘટના નહીં પણ શૃંખલાબદ્ધ ઇતિહાસ છે. એ દૃષ્ટિથી જોઇએ ત્યારે પ્રભુ મહાવીરના જીવનની આસપાસ જે ચમત્કારોની ગુંથણી જણાય છે તેમાં આશ્ચર્ય માનવાની જરાએ જરૂર નથી અને એમાં અસત્યનો અંશ હશે એવી કોઇએ પણ કલ્પના કરવા જેવી વસ્તુ પણ નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્માની પૂર્ણતા મેળવવાનો અર્થાત્ આત્માની સુપ્ત અનંત શકિતઓ જાગૃત કરી બધા બંધનોથી મુકિત મેળવવાનો દરેક આત્માને હક્ક છે. એ મેળવવામાં જેટલી શિથિલતા જીવ દાખવશે તેટલો તેને વિલંબ થશે. એટલે વિલંબ કે શીઘ્ર ગતિ એ આપણા હાથમાં જ છે. પ્રભુ મહાવીરના છેલ્લા સુપ્રસિદ્ધ સત્તાવીસ ભવોનો ઇતિહાસ જોતાં એ આત્માએ કેવી ઉન્નતિ મેળવી તેમજ અનેક વખત વિકારવશ થઈ પોતાની સિદ્ધિઓને કેવી દૂર અને સુદૂર ધકેલી મૂકી એનો અભ્યાસ કરતા જીવાત્માઓ ઉપર સ્વોપાર્જિત કર્મો કેવું સામ્રાજ્ય ભોગવે છે એ ખુલ્લું પડી જાય છે. અહંકાર આવે છે અને અનંતા જન્મ મૃત્યુના ફેરાઓ ઉત્પન્ન કરી દે છે. ક્રોધ આવે છે અને અત્યંત દૃઢ નિકાચિત કર્મનો બંધ થાય છે. ઘણાએ શુભ કર્મોમાં પણ વચમાં વચમાંથી એકાદ સ્ફુલિંગ પ્રજ્વલિત થઇ કર્મની જ્વાલા પ્રગટ થાય અને આત્મસિદ્ધિઓ દૂર ને દૂર ધકેલી મૂકે એવા બનાવો એ મહાન્ પવિત્ર આત્માના કડીબંધ ઇતિહાસ ઉપરથી જણાય છે. આપણી દૃષ્ટિ જો વિકૃત હોય તો આપણને નિર્મળ સત્ય સમજાતા વિલંબ થાય માટે આપણી દૃષ્ટિ પૂર્વગ્રહ–દૂષિત નહીં હોવી જોઇએ અને તેની સાથે જ સત્ય જાણવાની વિકારરહિત ભાવિક શુદ્ધ વૃત્તિ હોવી જોઇએ કોઇ આત્મા સંબંધી વિચાર કરતી વેળા પ્રસ્તુત જીવનનો જ નહીં પણ અનાદિ કાળથી ચાલતી જન્મપરંપરાનો ઇતિહાસ નજર સામે ધરવો જોઇએ, તો જ સાચી કલ્પના આપણે મેળવી શકીએ.

પ્રભુ મહાવીરના જીવનમાં જે અદ્દભુત જણાતી ઘટનાઓ જણાય છે તે ઉપજાવી કાઢવાની કોઇને કાંઇ પણ જરૂર ન હતી. તેમજ એવી ચમત્કારની ઘટનાઓનો ઇતિહાસ પ્રસિદ્ધ કર્યો ન હોત તો પ્રભુનું ચરિત્ર ફીક્કું પડી ગયું હોત એમ પણ નથી અને જે મહાનુભાવોએ એ ચરિત્ર લખ્યું છે તેમનો દરજ્જો જોતાં અને એમના અન્ય ગ્રંથો જોતાં એઓ એકાદ શબ્દ પણ અસત્ય લખે એવું માનવાને જરાએ કારણ નથી; ઉલટું એવી કલ્પના કરવી એ એક મહાન્ પુરુષોત્તમની આશાતના કરવા બરાબર છે, એનો જરૂર વિચાર કરવો જોઇએ.

મતલબ કે–પ્રભુ મહાવીરના જીવનમાં જે અદ્દભુત રમ્ય ઘટનાઓ વર્ણવી છે એ પ્રભુના આત્માની સ્વાભાવિક સિદ્ધિઓનો પરિપાક છે માટે એ શ્રદ્ધેય વસ્તુ તરફ આપણે સરલ દૃષ્ટિથી જ જોવું એ ઉચિત છે. પ્રભુ મહાવીરની જન્મજયંતિના પ્રસંગે એ મહાન્ વિભૂતિ તરફથી શુભ પ્રેરણાઓ મળે એટલું કહી વિરમું છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભગવંત મહાવીરની ભાવના.

લેખક: **શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી**

**પ્રતિવર્ષ** ચૈત્ર શુકલ ત્રયોદશી આવતાં જ, અંતિમ શાસનપતિ શ્રી મહાવીર પ્રભુનો જન્મદિન યાદ આવે. એ નિમિત્તે વિવિધ કાર્યક્રમો જુદા જુદા પ્રદેશોમાં યોજાય અને આ પવિત્ર દિનની ઉજવણી થાય. આ જાતના જયંતિ મહોત્સવો-ઊગતી પ્રજામાં ચેતના પ્રગટાવે, પોતાના ધર્મપ્રણેતાના પવિત્ર જીવનમાં અવગાહન કરવાની તક પ્રાપ્ત કરાવે અને ઇતર સમાજમાં જૈનધર્મ સંબંધી જ્ઞાન પ્રસારવામાં કારણરૂપ બને-એ અર્થે જરૂરના છે.

પણ જે યુગમાં આપણે જીવી રહ્યા છીએ અને દિવસે દિવસે જે રીતે શોધખોળ આગળ વધે છે એ જોતાં આપણાથી ન તો પ્રભુના ગુણકીર્તન કરી બેસી રહેવાય કે ન તો પોપટની માફક તેઓશ્રીના જીવન અંગે રટના કરી જવાય. **હવેનો યુગ હાકલ કરે છે કંઇક નક્કર કાર્ય કરવાની.** માત્ર જૈનો જ નહીં પણ ઇતર પ્રજાજનો પણ ભગવંત શ્રી મહાવીર દેવે પોતાના જીવનમાં અહિંસાનો સંદેશ પ્રસારવામાં, સત્યના મૂલ્યાંકન કરવામાં, ચૌર્યવૃત્તિના પરિહારમાં, બ્રહ્મચર્ય જેવા ઉત્કૃષ્ટ ગુણની સાધનામાં અને આરંભ-સમારંભમાંથી બચી જઇ અલ્પ સાધનોથી જીવનનિર્વાહ કરી, અન્ય માનવોમાં જ માત્ર નહીં પણ, સારીયે પ્રાણીસૃષ્ટિમાં '**જીવો અને જીવવા દો**' નો કીંમતી નાદ ગુંજતો કરવામાં, ઉપદેશદ્વારા જે સિદ્ધિ પ્રાપ્ત કરી છે તેનો બરાબર અભ્યાસ કરી શક્તિ અનુસાર પ્રસારવામાં કટિબદ્ધ થઇએ એવી આશા સેવે છે.

ભગવંત શ્રી મહાવીર દેવની ભાવના શું હતી? '**સવિ જીવ કરું શાસનરસી**' એ જ કે બીજી કંઇ? જો એ જ હતી અને એ વાત દીવા જેવી સ્પષ્ટ છે તો આજના સમયમાં આપણી દરેકની ફરજ શી હોઇ શકે?

અહીં એ સંબંધમાં કહેવાનું કે-પ્રભુ શ્રી મહાવીર કૈવલ્ય-પ્રાપ્તિ પછી જે ઉમદા રહસ્ય પોતાને લાધ્યું, એ જનસમૂહમાં વિસ્તારવા, કેવી કેડ બાંધી નીકળી પડ્યા એ તરફ દૃષ્ટિપાત કરીશું તો—અરે! કર્મો ખંખેરવા કેવા વિષમ સ્થળોમાં વિચર્યા એ જોઇશું તો-ઘડીભર સ્તબ્ધ થઇ જવાશે. સહજ ભાવના સ્ફુરશે કે આજના અનુકૂળતાભર્યા યુગમાં સાધનોની સંગીન સામગ્રી વારસામાં પ્રાપ્ત થયેલી છતાં-આપણે કંઇ જ કરતા નથી. ઉપરછલ્લા દેખાવમાં જ પ્રભાવના માની રહ્યા છીએ. તેઓશ્રીએ સંયમ સ્વીકાર્યા પછી જે જે પ્રદેશોમાં વિહાર કર્યો છે તેના નામો પણ પૂરા જાણતા નથી! શ્રી કલ્પસૂત્ર તેમજ શ્રી ભગવતીસૂત્ર આદિ અંગોમાં આવતાં વર્ણન પરથી **શ્રમણ ભગવાન્ મહાવીર** નામના હિંદી પુસ્તકમાં પુરાતત્ત્વવેત્તા **પં. શ્રી કલ્યાણવિજયજી ગણિએ** જે નોંધ તૈયાર કરી છે એ વાંચતાં હરકોઇ જૈનની છાતી ફુલે તેમ છે અને એનાથી અભ્યાસી હૃદયને અતિ આહ્લાદ જન્મે તેમ છે. એ સ્થાનોના નામ કાળબળે ભુંસાઇ જવા આવ્યા છતાં, પરિવર્તન પામ્યા છતાં, એ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અંગેના વર્ણનો પરથી અને આસપાસના ઉલ્લેખો અનુસાર આજે પણ અંકોડા સાંધી શકાય છે. ગણિ મહારાજશ્રીએ અંકોડા મેળવી અકારાદિના ક્રમ મુજબ લંબાણુ કોષ ગ્રંથના પ્રાંતભાગે આપેલ છે. એ દિશામાં વધુ માહિતી મેળવવા સારુ, એક સમયના એ પ્રદેશો કેમ નામશેષ થઈ ગયા, ત્યાં આજે કેવા ચિન્હો અસ્તિત્વમાં છે એ જાણુવા સારુ આપણે જાગ્રત થવાની જરૂર છે.

જેની પાછળ ઇતિહાસની શૃંખલા મજબૂત રીતે સંકળાયેલી છે એ સ્થાન, એ ધર્મ કે એ સાહિત્ય આજે વિદ્વાનોમાં અતિ મહત્વનું સ્થાન મેળવે છે. એ સારા વિશ્વનું આકર્ષણુ કરી શકે છે. શાંતિની પ્રબળ ભૂખ લાગી છે એવી આજની દુનિયાને ખરેખર એ અમીરસના પાન સમ નિવડે તેમ છે. અહીં તો માત્ર એ નામોની યાદી આપેલ છે. એ ક્યાં આવ્યા અને એ અંગે આપણા સાહિત્યમાં કઇ નોંધો મળે છે એ જાણુવાના જિજ્ઞાસુએ તો એ પુસ્તક વાંચવું જરૂરી છે.

૧ અંગ ૨ અચ્છ ૩ અનાર્યદેશ ૪ અપાપા ૫ અબાધ ( અબાહા ) ૬ અંબસાલચૈત્ય. ૭ અયોધ્યા. ૮ અવન્તિ ૯ અસ્થિગ્રામ ૧૦ અહિચ્છત્ર ૧૧ આમલકલ્પા ૧૨ આલંભિકા વા આલંભિયા ૧૩ આવર્ત્તગ્રામ ૧૪ ઉજ્જયિની ૧૫ ઉત્તરકોસલ ૧૬ ઉત્તરવાચાલા ૧૭ ઉત્તરવિદેહ ૧૮ ઉદંડપુર ૧૯ ઉન્નાગ ૨૦ ઉલ્લુકાતીર ૨૧ ઋજુપાલિકા (ઋજુવાલિયા) ૨૨ ઋષભપુર ૨૩ કનકખલ ૨૪ કણુગપુર ૨૫ કદલીસમાગમ ૨૬ કયંગલા ૨૭ કર્ણુ–સુવર્ણ ૨૮ કર્માારગ્રામ ૨૯ કલંબુકા ૩૦ કલિંગ ૩૧ કાકન્દી ૩૨ કાંચનપુર ૩૩ કામ્પિલ્ય ૩૪ કાલાકસંનિવેશ ૩૫ કાશી ૩૬ કિરાતદેશ ૩૭ કુંડગ્રામ ૩૮ કુરસ ૩૯ કુનાલ (કુણાલા) ૪૦ કુમારસંનિવેશ ૪૧ કુરુ ૪૨ કુરુજાંગલ ૪૩ કુશાર્ત ૪૪ કૂપિક સંનિવેશ ૪૫ કૂર્મગ્રામ ૪૬ કેકય ૪૭ કોટિવર્ષ ૪૮ કોમિલા ૪૯ કોલ્લાકસંનિવેશ ૫૦ કોશલ ૫૧ કોસલા ૫૨ કૌશામ્બી ૫૩ કૌશિકી ૫૪ ક્ષત્રિયકુંડપુર ૫૫ ક્ષિતિપ્રતિષ્ઠિત ૫૬ ગંગા ૫૭ ગજપુર ૫૮ ગંડકી ૫૯ ગુણશીલ ૬૦ ગોકુળ ( વ્રજગામ ) ૬૧ ગોબરગામ ૬૨ ચમ્પા ૬૩ ચેદી ૬૪ ચોરાક સંનિવેશ. ૬૫ છમ્માણિ ૬૬ જંબૂસંડ ૬૭ જંભિયગામ ૬૮ તામ્રાકસંનિવેશ ૬૯ તામ્રલિપ્તિ ૭૦ તુંગિક સંનિવેશ ૭૧ તુંગિયાનગરી ૭૨ તોસલિગામ ૭૩ થૂણગ સંનિવેશ ૭૪ દક્ષિણુકોશલ ૭૫ દક્ષિણુ બ્રાહ્મણુકુંડપુર ૭૬ દક્ષિણુવાચાલા ૭૭ દશાર્ણ ૭૮ દશાર્ણપુર ૭૯ દઢભૂમિ ૮૦ દ્વારવતી ૮૧ નંગલાગાંવ ૮૨ નન્દીગ્રામ ૮૩ નન્દીપુર ૮૪ નાલંદા ૮૫ પત્તકાલક ૮૬ પંચાલ ૮૭ પાડલિખંડ ૮૮ પાઢા ૮૯ પાવા ( આ નામની ત્રણુ નગરીઓ હતી ) ૯૦ પાલકગ્રામ ૯૧ પુંડ્રવર્ધન ૯૨ પુરિમતાલ ૯૩ પૂર્ણુકળશ ૯૪ પૃષ્ટચંપા ૯૫ પેઢાલગ્રામ ૯૬ પોતનપુર ૯૭ પોલાસપુર ૯૮ પ્રતિષ્ઠાનપુર ૯૯ બનારસ ૧૦૦ બકસાલગ્રામ ૧૦૧ બ્રાહ્મણુગ્રામ ૧૦૨ ભંગિ ૧૦૩ ભદ્દિયા ૧૦૪ ભદ્દિલનગરી ૧૦૫ ભોગપુર ૧૦૬ મગધ ૧૦૭ મત્સ્યદેશ ૧૦૮ મદુરા ૧૦૯ મર્દના સંનિવેશ ૧૧૦ મધ્યમા ૧૧૧ મલયગ્રામ ૧૧૨ મલયદેશ ૧૧૩ મલ્લદેશ ૧૧૪ મહાપુર ૧૧૫ માકન્દી ૧૧૬ માલવ ૧૧૭ માષપુરી ૧૧૮ મિથિલા ૧૧૯ મિંઢિયા ૧૨૦ મૃગગ્રામ ૧૨૧ મૃતિકા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વતી :૧૨૨ મેંઢિયગાંવ ૧૨૩ મોકાનગરી ૧૨૪ મોરાકસંનિવેશ ૧૨૫ મોસલિ ૧૨૬ મોર્યસંનિવેશ ૧૨૭ રાજગૃહ ૧૨૮ રાઢ( લાઢા ) ૧૨૯ રૂપ્યવાલુકા ૧૩૦ રોહીડકનગર ૧૩૧ લોહાર્ગલા ૧૩૨ વંગ ૧૩૩ વજ્રભૂમિ ૧૩૪ વદ્ધ ૧૩૫ વત્સ ૧૩૬ વરણા ૧૩૭ વર્ધમાનપુર ૧૩૮ વાણિજ્યગ્રામ ૧૩૯ વાળુકાગ્રામ ૧૪૦ વિજયપુર ૧૪૧ વિદેહ ૧૪૨ વિરાટ ૧૪૩ વિશાખા ૧૪૪ વિતભય ૧૪૫ વીરપુર ૧૪૬ વૈશાલી ૧૪૭ શરવણગ્રામ ૧૪૮ શાંડિલ્ય ૧૪૯ શાલિશીર્ષ ૧૫૦ શ્રાવસ્તી ૧૫૧ શ્વેતામ્બિકા ૧૫૨ સાકેત ૧૫૩ સાનુલટ્ઠિયગ્રામ ૧૫૪ સાહંજની ૧૫૫ સિન્ધુદેશ ૧૫૬ સિદ્ધાર્થપુર ૧૫૭ સિનપલ્લી ૧૫૮ સુઘોષનગર ૧૫૯ સુમંગલા ૧૬૦ સુરભિપુર ૧૬૧ સુવર્ણખળ ૧૬૨ સુંસમાર ૧૬૩ સુરસેન ૧૬૪ સોગંધિકા નગરી ૧૬૫ સૌરાષ્ટ્ર ૧૬૬ સૌર્યપુર ૧૬૭ સૌવીર ૧૬૮ હલિદ્દુકગ્રામ ૧૬૯ હસ્તિનાપુર ૧૭૦ હસ્તિશીર્ષ.

તા. ક.—ઉપરના નામોમાં કેટલાક સ્થળે ભગવંત શ્રી મહાવીર દેવ વિચર્યા હોય એવું ખાત્રીપૂર્વક નથી કહી શકાતું, છતાં વર્ણનમાં કેટલાક ઉલ્લેખો આવતા હોવાથી નોંધમાં સમાવેશ કર્યો છે.

આ રીતે લંબાણ યાદી આપવાનું કારણ એક જ છે કે–દેશકાળ સામે રાખી આપણે જૈનો પ્રભુસ્થાપિત ચતુર્વિધ સંઘના—સાધુ–સાધ્વી, શ્રાવક–શ્રાવિકા–દરેક અંગો, એ દિશામાં જનતા વધુ રસ લેતી થાય એવા માર્ગોની વિચારણામાં એકચિત્ત બનીએ અને પ્રભાવનાના સાચા રસ્તે સ્વશક્તિનો અને દ્રવ્યનો વ્યય કરીએ.

ચરમ તીર્થપતિના શાસનમાં, તેઓશ્રીના જન્મદિન જેવા પવિત્ર અવસરે પ્રતિજ્ઞા કરીએ કે—

'અમે સંગઠિત બની ભગવંત! આપશ્રીનો સંદેશો
'વિશ્વને શાસનરસી' કરવારૂપ અમલી બનાવીશું.'

એ સારુ પ્રભુશ્રીના પ્રત્યેક વિહારસ્થળ પાછળનો ઇતિહાસ એકઠો કરવામાં, આજે જે સ્થાનો જીર્ણ–શીર્ણ દશામાં મરવાના વાંકે જીવી રહ્યા છે તેનો ઉદ્ધાર કરવામાં, અને ભારતવર્ષના ચારે ખૂણામાં જે અનુપમ વારસો–અદ્દભુત કારીગરી અને ઉત્કૃષ્ટ શિલ્પના ધામ એવા દેવાલયોરૂપે નજર સામે છે એને સુરક્ષિત રાખવાનો એક કેન્દ્રસ્થ સંસ્થા દ્વારા પ્રબંધ કરીએ. વિશેષમાં એ રમણીય મંદિરોમાં વિરાજમાન વિવિધ પ્રકારી પ્રતિમાઓનું યોગ્ય રીતે પૂજન થાય તેવી ગોઠવણ કરીએ. હજારો ઉપાસકોના ત્યાં ગમનાગમન ચાલુ રહે એવી યોજના ઊભી કરીએ અને જે આગમરૂપે સાહિત્યનો અણમૂલો ખજાનો પ્રાપ્ત થયો છે એ માત્ર ભંડારમાં પૂરી ન રાખતાં, આજના સાધનોદ્વારા જગત એનું પાન કરે અને એ દ્વારા સાચી શાંતિ મેળવે એવો પ્રચાર કરવા સારા પ્રમાણમાં ધન ખરચીએ. સરળ વાણીમાં અને સુશોભિત રીતે એ સાહિત્યનું પ્રકાશન કરીએ.

ભગવંત–ભાષિત અહિંસા જેટલા વધુ પ્રમાણમાં વિસ્તરશે એટલા બહોળા પ્રદેશમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વીરસ્મરણ અને આપણું કર્ત્તવ્ય.

લેખક—મુનિરાજશ્રી ચંદ્રપ્રભસાગરજી.

ધર્મ, રાષ્ટ્ર અને સંસ્કૃતિની પ્રગતિમાં સદા મોખરે કદમ આગળ ફાળો ભરનાર જૈનસમાજ આજે આટલો પાછળ કેમ પડી ગયો છે? તે વિચારવાની તસ્દી એના નાયકો આજે કેમ લેતા નથી?

ઇતિહાસનાં પાનાં સાક્ષી પૂરે છે કે—જે વિરલ અને વિરાટ કાર્યો જૈનાચાર્યો, જૈન મહામંત્રીઓ અને સુશ્રાવકો કરી ગયા છે, તે વિરલ અને વિરાટ કાર્યો આજના માનવ માટે પથદર્શક છે!

આજનો જૈનસમાજ તે જ માનવ–મૂર્ધન્ય શ્રી મહાવીરનો સંતાન છે કે જેનો પુનિત જન્મ આજથી ૨૫૫૦ વર્ષ પૂર્વે ચૈત્રસુદ તેરસના યાદગાર દિને, આ પવિત્ર ભારત-ભૂમિમાં થયો હતો, અને જેમણે વિશ્વમાં અહિંસા અને સમ્યગ્જ્ઞાનની મહાસરિતાઓ વહેતી કરી હતી. છતાં એનો જ સંતાન એવો જૈનસમાજ સ્વાર્થ અને અજ્ઞાનની અંધારી ગલીઓમાં અથડાઇ રહ્યો છે. આ કેવી દુઃખદ અને વિષમ ઘટના છે! આ અંધારી ગલી-ઓમાં પરિભ્રમણ કરતાં કેટલાક માનવોને એટલુંય ભાન નથી કે જૈનોની ઝળહળતી સંસ્કૃતિ–અપૂર્વ આદર્શ જેવા જિનાલયો; આજે જડતાના તૂફાની મહાસાગરમાં ડોલતી નૌકાની જેમ ભયગ્રસ્ત બન્યાં છે!

જે મંદિરોના સર્જન પાછળ અઢળક સંપત્તિઓ ખર્ચાણી હતી અને જે જિનાલયોના રક્ષણ માટે સ્વાર્પણો કરાયાં હતાં, તે મન્દિરો અને જિનાલયો, આજે નાપાકોના અપવિત્ર ચરણોથી અપવિત્ર બની રહ્યાં છે! પવિત્રમાં પવિત્ર ગણાતાં તીર્થ–ધામો આજે અસંસ્કૃત

---

સાચી શાંતિ પ્રસરશે. તેઓશ્રીનો અનેકાંત સિદ્ધાંત જેટલો અમલી બનશે, એટલો જીવન-કલહ ઓછો થશે, રગડાઝઘડા શમી જશે. આજના યુગમાં–દરેક વિષયમાં સમન્વય દૃષ્ટિ જ કારગત નિવડશે. એ દૃષ્ટિના મૂળ સ્યાદ્વાદ મત સિવાય અન્યત્ર શોધ્યા જડે તેમ નથી જ. તીર્થંકરદેવોએ તેથી જ એકાંત માર્ગોને બાજુએ રાખી, અનેકાંત દર્શનનો ડિંડિમનાદ ગુંજતો કર્યો છે. વિશ્વને એ પ્રતિ આકર્ષવા સારુ 'પ્રેમ'નો માર્ગ દાખવ્યો છે. પણ આપણે આજે નજર કરીશું તો એ કીમતી આદેશ ખુદ આપણે જ જૈનો ભૂલી ગયા છીએ. આજના પવિત્ર દિને પુનઃ એને સ્મૃતિમાં તાજો કરી, જીવનમાં ઉતારવાનો નિશ્ચય કરીએ. આપણા આચરણની અસર આસપાસ વિસ્તર્યા વિના નહીં જ રહે. ભગવંત શ્રી વર્ધમાનસ્વામીની ઉત્કૃષ્ટ ભાવના એથી બર આવશે અને **જૈનં જયતિ શાસનમ્** નો નાદ દુનિયાભરમાં ગુંજી ઉઠશે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માનવરાક્ષસોના ભયંકર લોખંડી પંજાઓમાં દિન-પ્રતિદિન બદ્ધ થતાં જાય છે. અને પાકિસ્તાન જેવાં પ્રદેશમાં તો, ભવ્ય જિનાલયોમાં આજે ઘોર ખોદાઇ રહી છે અને મારવાડમાં બનેલા બનાવો માનવીનાં હાડ ધ્રૂજાવે છે. છતાં આપણે સ્વાર્થાન્ધતામાં ઘોર્યા કરશું અને નિર્માલ્યતા દાખવીશું તો સમયનું એંધાણુ સૂચવે છે કે-તમારી અપૂર્વ સંસ્કૃતિ પર કાળનો ગાઢ અંધકારમય પડદો સમયની મર્યાદા માટે છવાઈ જશે !

આ યુગમાં સ્વાર્પણુ કર્યા વિના, આત્મભોગ આપ્યા વિના, સ્વાર્થાન્ધતા છોડ્યા વિના અને આત્મિક બળ કેળવ્યા વિના, સ્વમાનભેર જીવી શકાય એમ નથી; અને સંસ્કૃતિનું રક્ષણુ પણુ કરી શકાય એમ નથી ! આ જ્વલંત યુગમાં વાતો શું કે વક્તૃત્વ શું ? ભાષણો શું કે શબ્દજાળ શું ? એથી કાંઇ વળે એમ નથી. આજનો **ક્રાંતિકાર યુગ તો માગે છે, વાસ્તવિક જગતનાં નક્કર કર્ત્તવ્યો.**

માટે તમારા ધર્મના રક્ષણુ ખાતર, તમારી જ સંસ્કૃતિની સલામતી ખાતર, તમારા તીર્થોના અસ્તિત્વ ખાતર, અને તમારા સિદ્ધાન્તોની હૈયાતી ખાતર પણુ જાગો !

ધર્મ, સંસ્કૃતિ, તીર્થો અને સિદ્ધાન્તો પર આપત્તિઓની કાળી વાદળી તૂટી પડે, એના પૂર્વે જ જાગી જવું, એમાં જ દીર્ઘદર્શીનું ગૌરવ અને કલ્યાણુ છે !

આમ જુઓ ! સમય અને પ્રવાહ થંભ્યા નથી, થંભતા નથી અને થંભશે પણુ નહિ; માટે બનતા સમયમાં સચેત અને જાગૃત બની સ્વરક્ષણુ કરી લેવું એ પ્રત્યેક સમજુ માનવીની પ્રથમ ફરજ છે. એ ફરજમાં જે માનવી જેટલો પાછળ રહેશે, તેટલાં તે માનવી પોતાની જાતનો, રાષ્ટ્રનો અને ધર્મનો દ્રોહી ગણાશે. આવા દ્રોહને પ્રાચીન અને અર્વાચીન ઇતિહાસ કર્ણપટને ફાડી નાખે એવા શબ્દોમાં વ્યક્ત કરી રહ્યો છે. છતાં આ વાતને નહિ સાંભળવા માટે કોઇ પોતાના કાનમાં આંગળી નાખશે, તેટલા માત્રથી કાંઇ જગત બહેરું બનનાર નથી.

બહેરો તો બનશે કાનમાં આંગળી નાખનાર !

માટે, કાનના પડદાને દૂર કરી, સમય અને શ્રી વીરની હાકલ સાંભળો અને સમય સાથે મક્કમ કદમ ભરો. તમો શ્રી વીરના સંતાન છો તો વીર બનો, ધીર બનો. કલ્યાણુકારી શ્રી વીરના પુનિત જન્મ-કલ્યાણુક દિવસે એમના અનિર્વચનીય ગુણોને સાંભળી પ્રેરણુાની બક્ષીસ મેળવી રહો. એમના સંદેશની અમૃતવર્ષા આ દાઝેલી દુનિયા પર વર્ષાવી રહો. તમારી સંસ્કૃતિની અને સિદ્ધાન્તોની રક્ષા ખાતર અમર બલિદાનોને અર્પી રહો, અને શાંતિના ફૂવારા છોડતો શ્રી વીરનો અમર ઉપદેશ યુગ યુગ જીવન્ત રહો ! ! ! એ જ એક શુભેચ્છા ! ! !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તડ

**જળ-વિહોણા સરોવરની માટીમાં જેમ અનેક તડ-ફાડ પડે છે તેમ માનવતા-વિહોણા ધર્મમાં પણ અનેક તડ-ફાડ પડે છે. —ચિત્રભાનુ.**

વિદ્વાનોને ધર્મની ચર્ચા કરવા બેસાડીએ તો કદાચ દિવસોના દિવસો સુધી તેનો અંત નહિ આવે. સામાન્ય માનવીને જો પૂછીએ કે તમે ધર્મનું આચરણ કરો છો તો એ પણ પોતે જે ધર્મનું જે રીતે આચરણ કરે છે તેની વાત કરતા થાકશે નહિ, પણ ધર્મ એ ચર્ચા કરવાનો વિષય નથી કે વાત કરવાનું ક્ષેત્ર નથી. એ તો છે જીવનમાં ડગલે ને પગલે આત્માની સાથે વણી લેવા જેવું આચરણ.

આ વાત આજે સમજે છે કેટલા ? કોઇ કહેશે ધર્મથી મોક્ષે જવાય માટે ધર્મ કરવો. કોઈ કહેશે તેનાથી સદ્દગતિ મળે, આનંદ મળે માટે ધર્મ આચરવો. કોઈ કહેશે તેનાથી ભૌતિક સુખ અને મોજશોખ મળે માટે ધર્મ આચરવો. પણ એ બધા ધર્મની વાતો કરનારા કે તેના બાહ્ય સ્વરૂપમાં રસ લેનારા જ નજરે ચડે છે.

પ્રશ્ન એ થશે કે ધર્મનું હાર્દ શું ? ધર્મનો આત્મા કયો ? ધર્મનું મૂળ શેમાં ? આ પ્રશ્નને તમે કદી વિચાર્યો છે ખરો ? જો આ પ્રશ્નનો શાન્તિથી વિચાર કરવામાં આવે તો ધર્મને નામે થતા જણાતા અનેક ઝઘડા અને મતભેદોનો સહેલાઇથી અંત લાવી શકાય. પણ મૂળમાં ઊંડું ઉતરવું છે જ કોને ? સૌને જોઇએ છે આડંબર, માત્ર આડંબર, ધર્મના આત્મા વગરનું ખોળીયું. તે આત્મા વગરનું ખોળીયું ઉદ્ધાર કઇ રીતે કરે ? આત્મા વગર ખોળીયાનું શું થાય ? એ કહેવાની જરૂર નથી. જળ વગર સરોવરની માટીની શી દશા થાય છે ? એવી જ ખરાબ દશા ધર્મના આત્મા વગરના ખોળીઆની થાય છે; માટે એ આત્માને આપણે પીછાણવો જોઇએ.

ધર્મનો આત્મા કે તેનું મૂળ છે:માનવતા. માનવતા વગર કયો ધર્મ ટકી શકે ? જેમાં માનવતા નથી એ ધર્મ નથી પણ અધર્મ છે, તો પછી આજથી હવે તમે જે કંઇ ધર્મ આચરો તો 'માનવતા'નો પહેલો વિચાર કરશો. અમુક આચરણમાં માનવતા કેટલી છે અને અમુક આચરણ માનવતા-વિરોધી કેટલું છે તેની ઉપરથી જ હવે ધર્મ કે અધર્મનો નિર્ણય કરશો.

આટલું જો કરશો તો તમારા મનમાં ધર્મ અંગે કદાપિ ગુંચવણ ઊભી થશે નહિ. ધર્મના કાર્યોમાં આ કરું કે પેલું કરું એવી મુશ્કેલી તમને પડશે નહિ. 'માનવતા'ની ચાવી લગાવો અને 'ધર્મ' અંગેની મુશ્કેલીઓ કે કોયડાઓ તો તરતજ ઉકેલાઇ જશે.

હવે 'ધર્મકરણી' માં માનવતાને મોખરે રાખશો. એ સિવાય એક ડગલું પણ ભરશો નહિ.

**કાંતિલાલ જ. દોશી**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# છોંતેરમા જન્મદિનની શુભેચ્છાઓ.

આપણી સભાના પ્રમુખ **શ્રી જીવરાજભાઈ ઓધવજી દોશી** ગત માહ વદિ ૧૩, શનિવારના રોજ પંચોતેર વર્ષ પૂરા કરી છોંતેરમા વર્ષમાં પ્રવેશ કરતા હોઈ તેઓશ્રીના શુભેચ્છકો તરફથી એક મેળાવડો શ્રી દાદાસાહેબ જૈન બોર્ડીંગમાં તે દિવસે બપોરે ચાર વાગે **શ્રીયુત ભોગીલાલભાઇ મગનલાલ શેઠના** પ્રમુખપણા નીચે યોજવામાં આવ્યો હતો, જે પ્રસંગે ઉપસ્થિતિ સારી હતી.



**શ્રી જીવરાજભાઈ ઓધવજી દોશી.**

શરૂઆતમાં શ્રી ફતેહચંદ ઝવેરભાઇના આવેલ શુભેચ્છાના સંદેશાના વાંચન બાદ આપણી સભાના સેક્રેટરી **શ્રી દીપચંદ જીવણલાલ શાહે** જણાવ્યું કે—શ્રી જીવરાજભાઇએ **શ્રી જૈનધર્મ પ્રસારક સભા, ભાવનગર પાંજરાપોળ** અને **જૈન બોર્ડીંગને** પોતાની સેવાનો અવિરત લાભ આપ્યો છે. બોર્ડીંગ માટે જે વીશ હજારનું નવું ફંડ એકત્ર કરવામાં આવેલ તે તેમના જ પ્રયાસનું ફળ હતું. તેઓ તંદુરસ્તીભર્યું દીર્ઘાયુષ ભોગવી સેવાના કાર્યો વિશેષ ને વિશેષ કરે તેમ ઇચ્છું છું.

બાદ શ્રી **અમરચંદ માવજી** શાહે સ્વરચિત શુભેચ્છાદર્શક કાવ્ય વાંચી સંભળાવ્યું હતું.

બાદ શ્રીયુત **છોટાલાલ ગિરધરલાલ શાહે** જણાવ્યું કે–સેવામય વર્ષો ગાળવાં એ જ ખરેખરૂં ધન્ય જીવન છે. સેવામય તેમજ ન્યાયપરાયણ વિચારો ધરાવવા તે **એક** વાત છે અને તેને આચરણમાં મૂકવા તે બીજી વાત છે. શ્રી જીવરાજભાઇએ એ ન્યાયને દીપાવ્યો છે તેની સાથોસાથ સેવાભાવનાને વિકસાવી છે. **સભા અને બોર્ડીંગનું** હિત તેમને હૈયે છે અને હું આશા રાખું છું કે–તેઓ બંને સંસ્થાને વધુ સુદૃઢ બનાવે.

શ્રી **મણિલાલ મોહનલાલ** પાદરાકરે જણાવ્યું કે–શ્રી જીવરાજભાઇ એક યોદ્ધા તરીકે ઝઝુમ્યા છે. તેઓની સેવાભાવના વિકસતી છે. તેઓને આપણા પ્રેમનો કુંભ **અર્પણ** કરીએ, જેમાં સ્નાન કરીને તેઓ તંદુરસ્ત દીર્ઘાયુષ ભોગવે. સત્પુરુષને શોભે તેવું જીવન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વ્યતીત કરી તેઓ સેવાનો મંત્ર અહોનિશ રહ્યા કરે તેમ ઇચ્છું છું, અને સાથોસાથ પ્રાર્થું છું કે–આવા વિરલ પુરુષો સમાજની વિશેષ સેવા કરવા દીર્ઘાયુષી થાય.

બાદ ભાવનગર કોર્ટના વખારાના સેશન્સ જજ શ્રી દોશી સાહેબે જણાવ્યું કે–સાહિત્ય ક્ષેત્રમાં તેઓનો ઉમદા ફાળો છે. ન્યાયપ્રિયતા સંબંધમાં તેમની પણ પ્રશંસા મેં સાંભળી છે. હું તેમનું દીર્ઘાયુષ ઇચ્છું છું.

**શ્રી ગુલાબચંદ લલ્લુભાઈ શાહે** જણાવ્યું હતું કે–શ્રી જીવરાજભાઇ શરીરે વૃદ્ધ થયા છે, પણ વિચારથી વૃદ્ધ નથી. તેમની આધ્યાત્મિક વિચારશ્રેણિ, સ્યાદ્વાદ સંબંધી જ્ઞાન, અને ન્યાયખાતું તેમના હસ્તક હોવાથી પૃથક્કરણ કરવાની તેમની શક્તિ અવશ્ય અભિનંદનીય છે. તેમનામાં એક વિશિષ્ટ ગુણ છે કે–તેઓ કદી કદાગ્રહી બન્યા નથી.

બાદ **શ્રી ભોગીલાલભાઇ મગનલાલ શેઠે** જણાવ્યું કે—તેઓએ પંચોતેર વર્ષ પૂરાં કર્યાં છે, હવે પચીસ વર્ષ કાઢી નાખશો તેવી અમારી હાર્દિક અભિલાષા છે. તમે પ્રસારક સભાના આત્મા તરીકે કાર્ય કરી રહ્યા છો તે અવશ્ય પ્રશંસા કરવા લાયક છે. હું તમારું તંદુરસ્ત દીર્ઘાયુષ ઇચ્છું છું.

પ્રાંતે શ્રી જીવરાજભાઇએ પોતાના પ્રત્યે શુભેચ્છા વ્યક્ત કરવા બદલ સૌનો આભાર માન્યો હતો. છેવટે અલ્પાહારને ન્યાય આપી સૌ વિખરાયા હતા.

* * *

×વૃદ્ધાવસ્થા ભારરૂપ ન પડે અને તેનો કેવી રીતે સદુપયોગ થઈ શકે, તેનું રહસ્ય સમજવા આ માસિકના સં. ૨૦૦૪ માં પ્રસિદ્ધ થયેલ પાના નં. ૭૨–૧૦૨–૧૩૩ વૃદ્ધત્વમીમાંસાના લેખો ઉપર અમારા વાંચકોનું આ પ્રસંગે લક્ષ્ય ખેંચીએ છીએ. તેમાં લખ્યું છે કે :

" સમગ્ર રીતે વિચાર કરતાં વૃદ્ધાવસ્થા દુઃખમય કે શાપરૂપ નથી. મનુષ્ય જીવનના કળશરૂપ છે. જીવનની પરાકાષ્ઠાએ વૃદ્ધાવસ્થામાં જ પહોંચાય છે. ચારિત્રમાં શુદ્ધતા અને ડહાપણમાં વિશાલતા વૃદ્ધાવસ્થામાં આવે છે. જીવનની પરિપાક દશા લાંબા જીવન પછી જ પામી શકાય છે.

" જીવનકાળનું માપ ગણિત પ્રમાણે કરવાનું નથી, પણ આધ્યાત્મિક ગુણોના ઉત્તરોત્તર વિકાસની દૃષ્ટિએ કરવાનું છે, અર્થાત્ અમુક વર્ષ માણસ જીવ્યો એ ખરા જીવનનું માપ નથી, પણ કેટલા આધ્યાત્મિક ગુણો તેનામાં વિકાસ પામ્યા તે તેના જીવનનું માપ છે. "

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ખાસ વાંચવા લાયક પુસ્તકો

| | |
|---|---|
| ૧ આનંદઘન ચોવીશી-સાર્થ | ૧-૧૨-૦ |
| ૨ ઉપમિતિ પીઠબંધ-ભાષાંતર | ૦-૧૨-૦ |
| ૩ આચારપ્રદીપ | ૧-૪-૦ |
| ૪ આગમસારોદ્ધાર | ૦-૧૨-૦ |
| ૫ વીશસ્થાનક તપવિધિ | ૧-૮-૦ |
| ૬ કચ્છ ગિરનારની યાત્રા | ૧-૮-૦ |
| ૭ કલિંગનું યુદ્ધ | ૧-૦-૦ |
| ૮ ધનાશાલિભદ્રનો રાસ | ૧-૮-૦ |
| ૯ નયપ્રદીપ, નયચક્ર | ૧-૦-૦ |
| ૧૦ ભોજપ્રબંધ ભાષાંતર | ૧-૮-૦ |
| ૧૧ શંખેશ્વર પાર્શ્વનાથ | ૧-૮-૦ |
| ૧૨ હિતશિક્ષાના રાસનું રહસ્ય | ૧-૮-૦ |
| ૧૩ તાત્ત્વિક લેખસંગ્રહ | ૨-૦-૦ |
| ૧૪ કર્પૂરવિજયજી લેખસંગ્રહ ભા. ૮ | ૧-૧-૦ |
| ૧૫ ,, ,, ભા ૯ | ૧-૮-૦ |
| ૧૬ દાનધર્મ, પંચાચાર | ૧-૦-૦ |
| ૧૭ શ્રાદ્ધદિનકૃત્ય | ૦-૧૨-૦ |
| ૧૮ હેમચંદ્રાચાર્ય ચરિત્ર | ૦ ૧૨-૦ |
| ૧૯ યુરોપનાં સંસ્મરણો (મૌક્તિક) | ૧-૮-૦ |
| ૨૦ ઐતિહાસિક પૂર્વજોની ગૌરવગાથા | ૨-૦-૦ |
| ૨૧ વિધિયુક્ત પંચ પ્રતિક્રમણ | ૨-૦-૦ |
| ૨૨ પંચ પ્રતિક્રમણ સૂત્ર મૂળ | ૧-૪-૦ |
| ૨૩ બે પ્રતિક્રમણ સૂત્ર અર્થવાળું | ૧-૧૨-૦ |
| ૨૪ નવસ્મરણ ( ગુજરાતી ) | ૦-૧૨-૦ |
| ૨૫ જૈનોના મહાન્ રત્નો | ૧-૪-૦ |
| ૨૬ જૈન ઐતિહાસિક રાસમાળા | ૧-૦-૦ |
| ૨૭ તપગચ્છીય પંચ પ્રતિક્રમણ સૂત્ર | ૧-૦-૦ |
| ૨૮ દેવવિનોદ | ૧-૦-૦ |
| ૨૯ સિદ્ધાંત મુક્તાવલી | ૧-૦-૦ |
| ૩૦ ગુણસ્થાનકક્રમારોહ | ૦-૧૨-૦ |
| ૩૧ યુગાદિ દેશના | ૦-૧૨-૦ |
| ૩૨ ભુવનભાનુ કેવળી ચરિત્ર | ૦-૮-૦ |
| ૩૩ પ્રાકૃત વ્યાકરણ | ૧-૮-૦ |
| ૩૪ દ્રવ્યગુણપર્યાયનો રાસ | ૧-૮-૦ |
| ૩૫ વિવિધ પુષ્પવાટિકા | ૦-૮-૦ |
| ૩૬ સ્નાત્ર કળશાદિ પૂજા | ૨-૦-૦ |
| ૩૭ પ્રભાવિક પુરુષો ભાગ ૩ જો | ૩-૮-૦ |
| ૩૮ દેવવંદનમાળા | ૨-૪-૦ |
| ૩૯ જ્ઞાનસાર ( ભગવાનદાસ ) | ૨-૦-૦ |
| ૪૦ સમ્યક્ત્વસ્વરૂપ | ૦-૧૨-૦ |
| ૪૧ સમકિતકૌમુદી | ૧-૦-૦ |
| ૪૨ વિદગ્ધમુખમંડન | ૧-૦-૦ |
| ૪૩ વિહારવર્ણન | ૧-૦-૦ |
| ૪૪ પ્રિયંકર નૃપ કથા | ૧-૮-૦ |
| ૪૫ પટ્ટાવલી સમુચ્ચય | ૧-૦-૦ |
| ૪૬ પંચપ્રતિક્રમણ (પોકેટ) | ૧-૮-૦ |
| ૪૭ ધર્મપરીક્ષા | ૧-૮-૦ |
| ૪૮ જિનશતક | ૦ ૧૨-૦ |
| ૪૯ જીવનપ્રભા | ૧-૦-૦ |
| ૫૦ કાવ્યકલ્લોલ | ૧-૮-૦ |
| ૫૧ આદિનાથ ચરિત્ર ( સ. વાં ) | ૧-૮-૦ |
| ૫૨ અષ્ટકપ્રકરણ (હરિભદ્રસૂરિ) | ૦ ૧૦-૦ |
| ૫૩ નવસ્મરણ ( શાસ્ત્રી ) | ૦-૪-૦ |
| ૫૪ સીમંધરશોભાતરંગ | ૨-૦-૦ |
| ૫૫ વજ્રસ્વામી આખ્યાન | ૦-૬-૦ |
| ૫૬ વૈરાગ્યશતક-સવિવેચન | ૧-૪-૦ |
| ૫૭ સ્વાધ્યાયરત્નાવલિ | ૧-૪-૦ |
| ૫૮ ઇંદુદૂત | ૨-૦-૦ |
| ૫૯ નિહ્નવવાદ | ૩-૦-૦ |
| ૬૦ અખાત્રીજનો મહિમા | ૦-૧૨-૦ |
| ૬૧ નિત્યસ્વાધ્યાયસંદોહ | ૩-૦-૦ |
| ૬૨ પર્વતિથિ સ્તવનાદિ સમુચ્ચય | ૩-૦-૦ |
| ૬૩ વિવિધ પૂજા સંગ્રહ | ૩-૮-૦ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 156

# સ્વીકાર

**શ્રી ચંપકલાલ અમીચંદ ધ્રુવ** તરફથી નીચેના બાર પુસ્તકો લાઇબ્રેરી માટે ભેટ મળેલા છે, જેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે.

(૧) શ્રી પાર્શ્વનાથ ચરિત્ર–ભાષાંતર (૨) શ્રી શાન્તિનાથ ચરિત્ર–ભાષાંતર (૩) શ્રી દમયંતી ચરિત્ર–ભાષાંતર (૪) શ્રી સંઘપતિ ચરિત્ર–ભાષાંતર (૫) કાવ્યસુધાકર (૬) લેખસંગ્રહ ભાગ આઠમો (૭) જૈન સમાજનો ઉત્કર્ષ (૮) જૈન મતકા સ્વરૂપ (૯) અંતરની ઉર્મિ (૧૦) નિહ્નવવાદ (૧૧) આદર્શ જૈન સ્ત્રીરત્નો અને (૧૨) જ્ઞાનપ્રદીપ–ભાગ બીજો.

**પૂજ્ય મુનિરાજશ્રી નાનચંદ્રજીસ્વામી** તરફથી નીચેના દસ પુસ્તકો લાઇબ્રેરી માટે ભેટ મળેલ છે, જેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે.

(૧) જૈન સિદ્ધાંત પ્રકરણ સંગ્રહ (૨) ભજન પદપુષ્પિકા (૩–૪–૫) સંસ્કૃત કાવ્યાનંદ ભાગ ૧–૨–૩ (૬) સામાયિક સ્વરૂપ (૭) ગચ્છાચારપઇણ્ણયં (૮) સંસ્કૃત સ્તોત્ર સંગ્રહ (૯) સુબોધકુસુમાવલિ (૧૦) સ્નાત્રપૂજા.

**શ્રી દીપચંદ જીવણલાલ શાહ** તરફથી શ્રી અર્બુદાચલ પ્રદક્ષિણા—જૈન લેખસંદોહ–સભાની લાઇબ્રેરી માટે ભેટ તરીકે મળેલ છે, જેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે.


## જ્ઞાનસાર ( બીજી આવૃત્તિ )

ન્યાયવિશારદ ન્યાયાચાર્ય શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયવિરચિત આ અપૂર્વ ગ્રંથ ઘણા વખતથી અપ્રાપ્ય હતો, તે તાજેતરમાં નવીન આવૃત્તિરૂપે પ્રગટ કરવામાં આવેલ છે. ગ્રંથ નામ પ્રમાણે જ્ઞાનામૃતના સારરૂપ છે. ઉપાધ્યાયજીએ પોતાની જ્ઞાનશક્તિના નીચોડરૂપ આ ગ્રંથ રચ્યો છે અને તેથી જ તે સર્વ કોઇની પ્રશંસાને પાત્ર બન્યો છે. અઢી સો લગભગ પૃષ્ઠ હોવા છતાં મૂલ્ય માત્ર રૂપિયા બે, પોસ્ટેજ અલગ.

લખો—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.


## ખેદકારક સ્વર્ગવાસ

શેઠ હીરાચંદ રામચંદ ગત મહા વદિ ૧૪ ને રવિવારના રોજ અચાનક હાર્ટફેઇલથી સ્વર્ગસ્થ થયા છે. તેઓની વય ૭૨ વર્ષની હતી. તેઓશ્રી ઉદાર મનના અને સ્વભાવે મિલનસાર હતા. તેઓશ્રીના શ્રેય નિમિત્તે અત્રે મુખ્ય જિનાલયમાં અઠ્ઠાઇ મહોત્સવ કરવામાં આવ્યો હતો. તેઓ આપણી સભાના ઘણાં વર્ષોથી આજીવન સભ્ય હતા. અમો સ્વર્ગસ્થના આત્માની શાંતિ ઇચ્છીએ છીએ.

મુદ્રકઃ શાહ ગુલાબચંદ લલ્લુભાઇ–શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ–ભાવનગર.

For Private And Personal Use Only